Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૪૮
તા.૨૫-૦૩-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૦ સૂર્યાસ્ત : ૦૬:૫૨

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૮.૪ | વડોદરા | ૩૮.૨ |
| અમદાવાદ | ૩૭.૪ | સુરત | ૩૯.૪ |
| ગાંધીનગર | ૩૫.૭ | નલિયા | ૩૭.૦ |

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૨૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# ઘાસચારા કાંડ : લાલુને ૧૪ વર્ષની કઠોર સજા

## વિચાર વૈભવ...

જે કુળ- કુટુંબમાં દયા-ભાવ-કરુણા અને સ્નેહના સંસ્કાર હોય તે વારસાગત બની જાય છે.

પેનિસિલિનના શોધક અલેકઝાંડર ફ્લેમિંગો એક ખેડુતના પુત્ર હતા અને પિતાને ખેતી મજૂરીમાં મદદ કરતા. એ ખેડુત પિતા દયાળુ હતા.

એકવાર નજીકમાં રહેતા ઉમરાવ- રેડોલ્ફનો પુત્ર આ ખેડુતોના પુત્ર સાથે રમવા આવ્યો. પકડ દાવ રમતા ઉમરાવનો પુત્ર ઊભેલા મોલમાં છુપાયો અને જંગલી શિયાળે તેને ગરદનથી પકડી લીધો. ચિચિયારીથી ખેડુતના કૂતરા દોડ્યા, ખેડુત દોડ્યો અને શિયાળના મુખમાંથી ઉમરાવના પુત્રને બચાવી લીધો.

ઉમરાવ પછી એની પાસે આભારવશ આવ્યો અને બદલામાં એક સેવા કરવાની રજા માંગતાં કહ્યું, 'તારો પુત્ર મને આપ. તેને ભણાવી- ગણાવી તેને પરત આપીશ.' ખેડુત સંમત થયો. અને એ ખેડુતપુત્ર ભણી- ગણી ડોકટર થયો. તે એલેકઝાંડર ફ્લેમિંગો, જેણે પેનિસિલિનની શોધ કરી, વિશ્વની સેવા કરી.

અને એ ઉમરાવ તે રેડોલ્ફ ચર્ચિલ જે બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલ, જે શિકારી શિયાળના મુખમાંથી બચ્યા તે, રાડોલ્ફના પુત્ર...

માણસ ધારે તો ઉપકારની ભાવનાથી કેવાં મોટાં કાર્યો કરી શકે?!

- સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### જ્યાં સુધી રાહુલ નેતા છે ત્યાં સુધી મોદી જીતશે

નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી અને રીપબ્લિકન પાર્ટીના નેતા રામદાસ અઠાવલે આજે કહ્યું હતું કે, જ્યાં સુધી રાહુલ ગાંધી નેતા તરીકે છે ત્યાં સુધી કોંગ્રેસ પાર્ટી હારતી રહેશે અને વડાપ્રધાન મોદી જીતતા રહેશે. રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદીની સરખામણી કરતા અઠાવલે દ્વારા કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધી હાલમાં કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, મોદી અને કોંગ્રેસ અધ્યક્ષની સરખામણી થઈ શકે તેમ નથી. બંને વચ્ચે કોઈપણ પ્રકારનો મુકાબલો નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં થોડી સીટો ઘટી શકે છે પરંતુ જીત અમારી થનાર છે. અઠાવલેએ કહ્યું હતું કે, ગઠબંધન અક્કબંધ રહેશે. કેન્દ્રમાં સરકાર ભાજપના નેતૃત્વમાં એનડીએની રહેશે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં એનડીએમાં શામિલ થયેલા અઠાવલે આક્રમક પ્રહારો કર્યા હતા.

### ગ્લોબલ ટ્રેડ વોરના કારણે બેરોજગારી ઝડપથી વધશે

નવી દિલ્હી

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક ટ્વીટના કારણે વૈશ્વિક સ્તર પર ટ્રેડ વોરની શરૂઆત થઈ ગઈ છે. ટ્રેડ વોર અથવા તો વેપારની આ લડાઈ મુખ્ય રીતે સંરક્ષણવાદના કારણે સર્જાયેલી સમસ્યા છે. જાણકાર લોકો અને નિષ્ણાંતોનુ કહેવુ છે કે ગ્લોબલ ટ્રેડ વોરના કારણે હવે આગામી દિવસોમાં વિશ્વના દેશોમાં બેરોજગારીની સમસ્યા રેકોર્ડ ગતિથી વધી શકે છે. સાથે સાથે જુદા જુદા દેશોમાં આર્થિક વિકાસની ગતિ પણ ધીમી થઈ જશે.

## બે જુદી જુદી કલમોમાં સાત સાત વર્ષની સજા, ૬૦ લાખનો દંડ : સીબીઆઈની ખાસ અદાલતે ચુકાદો આપતા કોર્ટ રૂમમાં ભારે સોપો : ડુમકા તિજોરીમાંથી ૩.૧૩ કરોડ રૂપિયાની ઉંચાપત સંદર્ભે સજા ફટકારવામાં આવી

નવી દિલ્હી

સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને રાજકીય ક્ષેત્રે ભૂકંપ સર્જનાર ઘાસચારા કોંભાડના ચોથા કેસમાં પણ આરજેડીના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ યાદવને આજે સીબીઆઈની ખાસ અદાલતે સાત-સાત વર્ષની સજા ફટકારી હતી. સાથે સાથે ૬૦ લાખ રૂપિયાનો જંગી દંડ પણ ફટકારતા કોર્ટ રૂમમાં સોપો પડી ગયો હતો.ડુમકા તિજોરીમાંથી ગેરકાયદે જંગી નાણાંની ઉચાપત સાથે સંબંધિત આ મામલો રહેલો છે. લાલુના વકીલ પ્રભાત કુમારે કહ્યું હતું કે, લાલુને બે જુદી જુદી કલમોમાં સાત-સાત વર્ષની સજા કરવામાં આવી છે. અલબત કુલ



૧૪ વર્ષની સજાને લઈને આજે ચર્ચા રહી હતી. કોર્ટમાં ઉપસ્થિત વકીલ વિષ્ણુ કુમાર શર્માએ કહ્યું હતું કે, આ મામલામાં બે જુદી જુદી કલમોમાં લાલુને સજા કરવામાં આવી છે. આ પ્રકારથી સાત સાત વર્ષની સજા કરવામાં આવી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, એક સજા પુરી થયા બાદ બીજી સજા શરૂ થશે. અત્રે નોંધનીય છે કે સીબીઆઈની ખાસ અદાલતે ગયા સોમવારના દિવસે ઝારખંડની રાંચી સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહેલા રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ યાદવને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. ડુમકા તિજોરીમાંથી ગેરકાયદેરીતે નાણાની ઉચાપતના કેસમાં રાંચીની ખાસ સીબીઆઈ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. આ રીતે ઘાસચારા કૌભાંડના છ પૈકી ચાર કેસોમાં લાલૂ યાદવને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હવે સજા આપવામાં આવી ચુકી છે ડુમકા તિજોરીમાંથી ગેરકાયદે નાણાંકીય ઉચાપતના મામલામાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમની સાથે મહેન્દ્રસિંહ બેદી, અધિકચંદ્ર, ધ્રુવ ભગત અને અનંતકુમારને પણ નિર્દોષ છોડવામાં આવ્યા હતા.

કોંગ્રેસે વધુ ચાર સીટો ગુમાવી દીધી

## રાજ્યસભામાં ભાજપ વધારે મજબુત : ૧૧ સીટ વધી ગઈ

નવી દિલ્હી

રાજ્યસભાની ૫૮ સીટો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ભારતીય જનતા પાર્ટીને મોટો ફાયદો થયો છે. રાજ્યસભામાં ભાજપની સ્થિતિ વધારે મજબુત થઈ છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીને નુકસાન થયું છે. આ ચૂંટણીના પરિણામ આવ્યા બાદ ભાજપના ખાતામાં રાજ્યસભામાં ચાર સીટો વધી ગઈ છે. જ્યારે કોંગ્રેસે ચાર સીટો ગુમાવી દીધી છે. સંસદના ઉપલા ગૃહમાં કેન્દ્રમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટીની સ્થિતિ વિપક્ષી દળો કરતા ખુબ મજબુત થઈ ગઈ છે. શુક્રવારના દિવસે યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ૨૮ ઉમેદવારોની જીત થઈ ગઈ છે. આવી રીતે ભાજપને ૧૧ સીટોનો સીધો ફાયદો થયો છે. જ્યારે કોંગ્રેસને માત્ર ૧૦ સીટો પર જીત મળી છે. પહેલા કોંગ્રેસ પાર્ટીની ૧૪ સીટો હતી હવે કોંગ્રેસને ૪ સીટોનું નુકસાન થયું છે. નવેસરના આંકડા દર્શાવે છે કે, ૨૪૫ સભ્યના ગૃહમાં હવે ભાજપની સીટોની સંખ્યા વર્તમાન ૫૮થી વધીને ૬૯ થઈ જશે જ્યારે કોંગ્રેસની સીટો ૫૪થી ઘટીને ૫૦ થઈ જશે. જોકે, ભાજપ અને તેના સાથી પક્ષો હજુ પણ રાજ્યસભામાં બહુમતીના આંકડાથી દુર છે. નવા સાંસદોની શપથ વિધી અગામી સપ્તાહમાં થશે. ભાજપે રાજ્યસભાની ચૂંટણીમાં જીત મેળવી છે પરંતુ તેની તકલીફ વધી રહી છે. કારણ કે પાર્ટીના સાથીપક્ષ તરીકે રહેલા ટીડીપીએ ભાજપ સાથે છેડો ફાડી લીધો છે.

## નોટબંધી સૌથી મોટી ભૂલ,જીએસટી રોજગાર ક્ષેત્રે બિનઅસરકારક: રાહુલ

મૈસૂર

કર્ણાટકમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સત્તા અકબંધ રાખવાની કોશિસમાં લાગેલ કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ રાહુલ ગાંધીએ એક વાર ફરી બીજેપી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યા. અહીં તેમણે બેંકો સાથે હજારો કરોડોની છેતરપિંડી કરનાર નિરવ મોદી જેવા ઉદ્યોગપતિઓની વાત કરી દેશની આર્થિક પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી.

રાહુલે મૈસુરમાં મહારાની મહિલા આર્ટ્સ કોલેજમાં એક જનસભા સંબોધિત કરતા કહ્યું કે, નીરવ મોદી બેંકોમાંથી રૂ. ૨૨૦૦૦ કરોડ લઈ ભાગી ગયો. તમે વિચારી શકો છો કે, સરકારે ૨૨૦૦૦ કરોડ રૂપિયા તમારા જેવી મહિલાઓને આપ્યા હોત તો તમે કેટલું બધુ આનાથી બનાવી શકો છો.

કોંગ્રેસ અધ્યક્ષે અહીં બેરોજગારીનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે, અર્થવ્યવસ્થા પ્રમાણે આપણો દેશ સારી રીતે આગળ વધી રહ્યો છે, પરંતુ આપણી સરકાર નોકરીઓ પેદા નથી કરી શકતી. તેનું મુખ્ય કારણ એ છે કે, જેની પાસે સ્કિલ છે તેને પૈસાની મદદ નથી મળી શકતી. સૌથી મોટી મુશ્કેલી એ છે કે, દેશમાં સૌથી વધારે પૈસા ૧૫-૨૦ લોકો દબાવીને બેઠા છે. રાહુલ ગાંધીએ અહીં નોટબંધી અને જીએસટીને લઈ પણ મોદી સરકાર પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે, મને લાગે ચે નોટબંધી એક મોટી ભૂલ હતી અને આ કરવાની જરૂર ન હતી. નોટબંધી અને જીએસટીએ ભારતીય અર્થવ્યવસ્થા અને રોજગાર પેદા કરવા પર નુકશાન પહોંચાડ્યું છે. મને નોટબંધી લાગૂ કરવાની રીત પર ફરિયાદ છે, આરબીઆઈ ગવર્નર, મુખ્ય આર્થિક સલાહકાર, કે નાણામંત્રી સુદ્ધાને આની ખબર ન હતી. સંબોધન દરમિયાન કોલેજની એક વિદ્યાર્થિનીએ રાહુલની સાથે સેલ્ફી લીધી.

## સેનાનુ ઓપરેશન : હિજબુલ મુઝાહીદીનના બે આંતકી ઠાર

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના જુદા જુદા ત્રાસવાદીગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ સેનાનુ ઓપરેશન ઓલઆઉટ જારી રહ્યુ છે. આ ઓપરેશનના ભાગરૂપે બાતમી મળ્યા બાદ કાર્યવાહી કરાતા બે ત્રાસવાદીઓ ઠાર થયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં મોડી રાત્રે બે ત્રાસવાદીઓને ઠાર કરીને તેમના હુમલા કરવાની યોજનાને નિષ્ફળ બનાવી દીધી હતી. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હતા. સેનાને શુક્રવારે મોડી રાબે બે ત્રાસવાદીઓ અનંતનાગના ચોક્કસ વિસ્તારમાં છુપાયા હોવાની બાતમી મળી હતી. આનાથી પહેલા સેનાના જવાનોએ કાશ્મીરના કુપવાડામાં પણ ત્રાસવાદીઓ સાથે જોરદાર જંગ ખેલીને અનેકને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ એન્કાઉન્ટરમાં પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. જો કે આ અથડામણમાં પાંચ જવાનો પણ શહીદ થયા હતા. અત્રે નોંધનીય છે કે અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાને ગોળીબાર જારી રાખીને મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડી દેવાના પ્રયાસ જારી રાખ્યા છે. હાલમાં કાશ્મીરના પૂંચ વિસ્તારમાં બાલાકોટ વિસ્તારમાં પાકિસ્તા ન તરફથી યુદ્ધ વિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

## ટ્રેડ વોર ઇફેક્ટ : સોનાના ભાવમાં રોકેટ ગતિથી વધારો થવાના સંકેત

નવી દિલ્હી

અમેરિકા અને ચીન વચ્ચે હાલમાં છેડાયેલા ટ્રેડ વોરના કારણે કરેન્સી અને કોમોડિટી માર્કેટમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. જેના પરિણામસ્વરૂપ સોનાની કિંમતમાં એકાએક રેકોર્ડ વધારો થઇ ગયો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે સોનાની કિંમતમાં હજુ રોકેટ ગતિથી વધારો થઇ શકે છે. સોનાની કિંમતમાં હાલમાં ટુંકા ગાળામાં જ એક મહિનાન ઉંચી સપાટી પર પહોંચી ગઇ છે. બીજી બાજુ એક સપ્તાહ પહેલા સુધી દબાણમાં રહેનાર ક્રુડ ઓઇલની કિંમતમાં પણ હવે ચાલ બદલાઇ ગઇ છે. સાઉદી અરેબિયાએ આગામી વર્ષથી ઓપેકના ઉત્પાદનમાં કાપ મુકવા માટેની જાહેરાત કરી દીધી છે. સાથે સાથે કેટલાક અન્ય પગલા લેવાના સંકેતો પણ આપી દીધા છે. વર્તમાન સ્થિતીમાં મોર્ગન સ્ટેન્લીએ આ વર્ષના અંત સુધી બ્રેન્ટની કિંમત ૭૫ ડોલર સુધી જવાની શંકા વ્યક્ત કરી છે.

## રાધનપુરમાં બાઈકચાલકને બચાવવા જતા હોન્ડા જાઝ ૫૦ ફૂટ નીચે ખાબકી

### એકનું મોત,એક મહિલા સહીત ત્રણ ઘાયલ

રાધનપુર

શનિવારે સવારે પોણા નવ વાગ્યાના સુમારે ભુજથી દેલમાલ લીમ્બજ માતાજીના દર્શનાર્થે જઈ રહેલા જેઠી પરિવાર રાધનપુરથી ત્રણ કિલોમીટર ખારિયાનો પુલ ચડી રહ્યા હતા એ સમય દરમ્યાન સામેથી પુરઝડપે આવી રહેલા બાઈકસવારને બચાવવા જતા હોન્ડા જાઝ ગાડી ૫૦ ફૂટ નીચે ગોથા ખાતી ખાબકી હતી,જેમાં એક જણનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું જયારે એક મહિલા સહીત ત્રણ જણા ઘાયલ થયા હતા,જેમને ૧૦૮ દ્વારા રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવારાર્થે ભુજ ગયા હતા.આ અકસ્માતમાં હોન્ડા જાઝ ગાડીનો કચ્ચરઘાણ વળી જવા પામ્યો હતો. ભુજથી સવારે પાંચ વાગે જેઠી પરિવાર હોન્ડા જાઝ ગાડી લઈને હારીજ



કમલ ચક્રવર્તી

નજીક દેલમાલ ખાતે લીમ્બજ માતાજીના દર્શનાર્થે નીકળ્યા હતા,જેઓ સવારે પોણા નવ વાગે રાધનપુરથી ત્રણ કિલોમીટર દૂર ખારિયાનો પુલ ચડી રહ્યા હતા એ સમય દરમ્યાન એકાએક બાઈકસવાર વચ્ચે આવી જતા તેને બચાવવા જતા હોન્ડા જાઝ ગાડીના ડ્રાયવરે કાબુ ગુમાવતા ગાડી પુલના ઢાળ ઉપરથી ૫૦ ફૂટ નીચે ગોથા ખાતી ખાતી ખાબકી હતી. જેમાં ત્રીસ વર્ષીય કરણભાઈ રાજેશભાઈ જેઠીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું, જયારે ઊર્મિત રાજેશભાઈ જેઠી (૨૫), આશાબેન રાજેશભાઈ જેઠી(૪૩) તેમજ અશોક જીવણભાઈ મકવાણા(૩૫) ઘાયલ થતા રેફરલ

અનુસંધાન પાના નં.૬

## ખેતીની જમીન વેચ્યા બાદ બારોબાર અન્યને પધરાવી

### કોર્ટે જમીન વેચાણ રાખનારનો કબ્જો યથાવત રાખ્યો

ડીસા

લાખણી તાલુકાના નાંદલા ગામની ખેતીની જમીન અન્યોને વેચ્યા બાદ દસ્તાવેજ રદબાતલ કરાવી ફરી આ જમીન બારોબાર અન્યને પધરાવી દેનાર જમીન માલિકનો અગાઉનો કોર્ટનો હુકમ રદ કરી દિયોદર જજે આ જમીનની માલિકી વેચાણ રાખનારને યથાવત રાખવાનો આદેશ કર્યો છે.

મળતી વિગતો મુજબ લાખણીના ઘાંચી જમનાબેન ભગવાનજી નાંદલા ગામે સર્વે નં. ૨૨૬ ની એક્ટ ૧૪- ૨૧ ગુઠા એકર ૯ ગુઠા જમીન ધરાવે છે. જે તેમણે તા. ૭/૫/૨૦૦૨ ના રોજ વેચાણ દસ્તાવેજથી કણબી હમીરજી સવજી અને કણબી ધનાજી હેમાજી (બંને રહે. મખાણું) ને વેચી દીધી હતી. જે બંનેએ આ જમીન તા. ૧૯/૧૨/૨૦૦૯ ના વેચાણ બાનાખતથી નાંદલાના હરચંદજી હાલાજી રબારીને આપી હતી. પરંતુ ૧૧ વર્ષ બાદ જમનાબેન ઘાંચીએ તા. ૨૧/૩/૨૦૧૪ ના રોજ ડીસા સિવિલ કોર્ટમાં દિવાની અરજી દાખલ કરી તા. ૭/૫/૨૦૦૨ ના રોજ કરેલા બંને દસ્તાવેજ અવેજ વગરના હોવાનું જણાવી બંને દસ્તાવેજ રદબાતલ કરાવી મેળાપીપણામાં આ જમીન ગામ દફતરે પોતાના નામે કરાવી દીધી હતી અને રાતોરાત આ જમીન ઠાકોર કાળુસિંહને વેચી તેમનું નામ ગામ દફતરે ચડાવી દીધું હતુ. જેની સામે હરચંદજી રબારીએ દિયોદર એ.ડી.ડિસ્ટ્રીક્ટ જજની કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જેમાં વકીલ ગિરીશભાઈ આર. ત્રિવેદી અને રાજેશભાઈ દવે(ડીસા)ની દલીલો અને પુરાવા ધ્યાને લઈ જજ પી.ટી.પટેલે ડીસા સિવિલ કોર્ટનો હુકમ રદબાતલ ઠેરવી આ જમીનની માલિકી હરચંદજી રબારીની યથાવત રાખી હતી.

## ભાભરમાંથી જિલ્લા કલેકટરે ઓવરલોડ રેતી ભરેલી ટ્રક ઝડપી



વનરાજસિંહ રાઠોડ

### સ્થાનિક વહીવટીતંત્ર ટીકાપાત્ર બન્યું

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર મામલતદાર કચેરી નજીક આજે શાળાના બાળકોને ગણવેશ વિતરણ ગુજરાત સરકારનો કાર્યક્રમ હતો. જેમાં આવેલા જિલ્લા કલેક્ટર દિલીપ રાણાએ ભાભર હાઈવે ઉપરથી ઓવરલોડ રેતી ભરીને જતી ટર્બો ટ્રકને ઝડપી પાડીને ભાભર મામલતદાર કચેરીને શોયતા ભાભર પંથકમાં રોયલ્ટી ચોરી અને ઓવરલોડ રોયલ્ટી ભરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

અત્રે નોંધનીય છે કે જો જિલ્લા કલેક્ટર એક દિવસ ભાભર આવીને આવી ટ્રક પકડે છે તો સ્થાનિક તંત્ર શું કરે છે? તે, વાતને લઈ સ્થાનિક તંત્ર ટીકાપાત્ર બન્યું છે. ભાભરમાં મોટાપ્રમાણમાં રોયલ્ટી ચોરી થતી હોવાનું કહેવાય છે. તંત્ર પગલા ભરે તે જરૂરી છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## બેસણું



સ્વ. મઘાભાઈ કમાભાઈ પટેલ
સ્વ.તા.૧૫/૩/૨૦૧૮

અમારા પિતાશ્રી મઘાભાઈ કમાભાઈ પટેલનુ તા.૧૫/૩/૨૦૧૮ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ, સમાજના રીત રીવાજ મુજબ સદ્‌ગતનું બેસણું તા.૨૬/૩/૨૦૧૮ ને સોમવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.નેસડી (કોતરવાડા) તા. દિયોદર જિ.બ.કાં.

લિ.

પટેલ અણદાભાઈ મઘાભાઈ (પુત્ર)
સ્વ. પટેલ કાજાભાઈ મઘાભાઈ (પુત્ર)
પટેલ દેવરાજભાઈ મઘાભાઈ (પુત્ર)
પટેલ હેગોળભાઈ મઘાભાઈ (પુત્ર)
પટેલ સેમાભાઈ મઘાભાઈ (પુત્ર)
પટેલ ધનજીભાઈ કાજાભાઈ (પૌત્ર)
તથા સમસ્ત કેડ પરિવાર

## હાર્દિક અભિનંદન



શ્રી મેઘરાજભાઈ ગળદાભાઈ પટેલ

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેન તરીકે આપની બિન હરીફ વરણી થતા હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપ ઉત્તરોઉત્તર પ્રગતિના સોપાન સર કરો તેવી અભ્યર્થના

લિ.

ધી ચાંગા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.
શ્રી દલજીભાઈ રાજસંગભાઈ ભૂતડીયા, ચેરમેન
શ્રી ચેલાભાઈ મગનભાઈ પ્રજાપતિ, વા.ચેરમેન
શ્રી રમેશભાઈ જીવાભાઈ ભૂતડીયા, મંત્રી
તથા સંચાલક મંડળના સભ્યશ્રીઓ,સ્ટાફગણ
મુ.પો.ચાંગા, તા.વડગામ જિ.બનાસકાંઠા

સૂર્યોદય - ૬.૪૦ સૂર્યાસ્ત - ૬.૫૨

## તિથિદર્શન

ચૈત્ર સુદ ૮ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :આઠમ રવિવાર નક્ષત્ર:આદ્રા બપોરે ૨.૨૧ પછી પુનર્વસુ યોગ : શોભન કરણ :બાલવ આજે જન્મેલા બાળકની રાશી મીથુન (ક.છ.ઘ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### સત્યાનુસારિણી લક્ષ્મીઃ કીર્તિસ્ત્યાગાનુ સારિણી અભ્યાસ સારિણી વિદ્યા, બુદ્ધિઃ કર્માનુસારિણી

જે સત્યનું પાલન કરે, બોલે અને સત્ય પથ પર જ ચાલે તેને કીર્તિ અનુસરે છે અર્થાત્ જ્યાં સત્યનું પાલન હોય- સત્યવાદીને આપોઆપ કીર્તિ પ્રાપ્ત થાય છે. સત્યને જ કીર્તિ અનુસરે છે.

જે ત્યાગી છે, સમર્પણ કરે છે, સંતોષી છે તેને લક્ષ્મી અનુસરે છે. જ્યાં ત્યાગ અને સમર્પણ હોય ત્યાં સમૃદ્ધિ હોય છે. જે સખત- પરિશ્રમ, મહેનત, અભ્યાસનું તપ કરે છે એને જ વિદ્યાની પ્રાપ્તિ થાય છે. સુખ- સુવિધા ‘આરામપ્રિય' ને વિદ્યા મળતી નથી.

જે માણસ સદાય કર્મયોગી, પ્રવૃત્તિવાળો, સેવાભાવી છે, બુદ્ધિ તેને અનુસરે છે અર્થાત્ આવા માણસો જ બુદ્ધિમાન હોય છે. આ શ્લોકમાં કીર્તિ, સમૃદ્ધિ અને બુદ્ધિ કોને પ્રાપ્ત થાય એનું રહસ્ય સમજાવ્યું છે.

અઢળક, કાળાં- ખાયકીનાં, બે નંબરી નાણાંનું દાન- બાંધકામ કરવાથી કાયમી કીર્તિ મળતી નથી પણ જે સત્ય પથનું સેવન કરે તેને જ અમર કીર્તિ મળે છે.

જે સંપૂર્ણ ત્યાગ કરે, સમર્પણ કરે , રાજા સિબિ જેવી ત્યાગ- ભાવના હોય તેને જ સમૃદ્ધિ મળે.

વિદ્યાપ્રાપ્તિ માટે તપ જરૂરી છે. સુખ- સુવિધાનો ત્યાગ કરનારને જ વિદ્યા મળે છે.

જે કર્મયોગી- સેવાભાવી છે તેને સૂઝ- સમજ- બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ-પડોશીથી સંઘર્ષ ટાળવો..**

**વૃષભ : (બ.વ.ઉ.) વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.**

**મિથુન : (ક.છ.ઘ.) ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.**

**કર્ક : (ડ.હ.) નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.**

**સિંહ : (મ.ટ.)મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.**

**તુલા : (ર.ત.) ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.**

**વૃશ્ચિક : (ન.ય.) કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.**

**ધન : (ભ.ફ.ધ.) જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.**

**મકર : (ખ.જ.)સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે..**

**કુંભ : (ગ.શ.સ.)પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.**

**મીન : (દ.ચ.જ.થ.) ભાઇ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

સમાજ સુધારક,લોકહિતચિંતક કવિશ્રી દલપતરામની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા.૨૧-૧-૧૮૨૦ના રોજ વઢવાણમાં થયો હતો. ગુજરાતના કલેકટર અને કવિશ્રીના મિત્ર ફાર્બસસાહેબના સહકારથી ગુજરાતમાં શિક્ષણ અને સાહિત્યના પ્રચારાર્થે તથા ગુજરાતી ભાષાના ઉત્કર્ષ અર્થે ઈ.સ.૧૮૪૮માં ‘ગુજરાત વર્નાકયુલર સોસાયટી'ની સ્થાપના કરી. આ મહાકવિનું તા.૨૫-૩-૧૮૯૮ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

‘રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

# થરા નચિકેતા સંસ્કારધામ ખાતે "મોરપિચ્છ" વાર્ષિકોત્સવ યોજાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

૨૩ માર્ચ ૧૯૩૧ ના રોજ ભારત માતાના ત્રણ સપૂત ભગતસિંહ,સુખદેવ, રાજગુરુ એ ઈન્કલાબ જીંદબાદ ના નારા સાથે સ્વતંત્રતાની બલીદેવી ઉપર પોતાના પ્રાણ અખંડ ભારત માટે ન્યોછાવર કરી દીધા હતા. આવા શહીદ વીરોની સ્મૃતિમાં શ્રધ્ધાસુમન અર્પવા કાંકરેજ તાલુકાના થરા નચિકેતા સંસ્કારધામમાં પ્રાચીન ગુરુકુળોની વેગવાન વિચારધારા છે.જેના પવિત્ર પરીસરમાં કષ્ણ અને બલરામ આકાર લઇ રહ્યા છે. ત્યારે થરાના નચિકેતા સંસ્કારધામના પટાંગણમાં ગઈકાલે પરબતભાઇ પટેલ (મંત્રી ગુજરાત રાજય)ના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો.તેમાં માનનીય કિર્તીસિંહ વાઘેલા (ધારાસભ્ય, કાંકરેજ), માનનીય શિવાભાઇ ભુરીયા (ધારાસભ્ય, દિયોદર) સન્માનિત મહાનુભાવો તરીકે હાજર રહેલ. ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની સુભ સરૂઆત કરવામાં આવેલ.દાતાઓ તેમજ ઉપસ્થિત મહાનુભાવોને ગાય, મોમેન્ટો, શાલ નચિકેતા સંસ્કારધામના પ્રમુખ નટવર પટેલ, ચૌધરી નરેશભાઈ પટેલ, ચૌધરી પ્રકાશભાઈએ સન્માન કરેલ.ત્યાર બાદ નચિકેતા સંસ્કારધામના વિધાર્થીઓએ ધર્મ ધજાનું સ્થાપન, નંદ ઘેર આનંદ ભયો, કનૈયા મોરલીવાળા, મહાભારત સંવાદ, જય શ્રીકૃષ્ણ, રાહડૉ જામ્યો, તારા વિના શ્યામ, છોટે છોટે ગૈયા, આઠે કૂવાને પાવઠા, સખી સંવાદ, શામળાજીના મેળે વિગેરે કાર્યક્રમ યોજી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલ.

આ પ્રસંગે નચિકેતા સંસ્કાર ધામના આચાર્ય નટુભાઇ સુથાર, શિક્ષક મિત્રો તેમજ તાણા - થરાના નગરજનો વિશાળ સંખ્યા માં હાજર રહેલ. કાર્યક્રમનું સ્ટેજ સંચાલન બાબુભાઈ પટેલ, આભાર ડિરેક્ટર હસમુખભાઈ પટેલે કરેલ.

# વડગામના નાની ગીડાસણ ગામે લશ્કરના જવાનનું સન્માન કરાયું



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામના નાની ગીડાસણ ગામના કમલેશભાઈ ઠાકોર આર્મીની ટ્રેનિંગ પૂર્ણ કરી વતનમાં પરત ફરતાં પરિવારજનો સહિત ક્ષત્રિય ઠાકોર સમાજના યુવાનો, અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું. નાની ગીડાસણ સહિત તાલુકાના તમામ ગામોમાં ઠાકોર સમાજના યુવા કાર્યકરો દ્વારા કેન્દ્ર-રાજ્ય સરકારની જુદી જુદી ભરતીઓ માટે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈ સરકારી જોબમાં જોડાઈ રહ્યા છે તે અન્ય સમાજો માટે પ્રેરણારૂપ છે.

# પાલનપુરમાં ચૈત્રી નવરાત્રિના મહાપર્વે શ્રીમદ દેવી ભાગવત કથા સપ્તાહ

**લક્ષ્મણ ટેકરી વ્યાખ્યાન હોલમાં દરરોજ મા અંબાના દેવી ભાગવતના પ્રસંગો સંગીત, આરતી, પ્રસાદ**



પાલનપુર

પાલનપુરની તપોભૂમિ પર સૌપ્રથમવાર ચૈત્રી નવરાત્રીના મહાપર્વે મા જગદંબાના પવિત્ર મહાપર્વે શ્રીમદ દેવી ભાગવત કથાનું અલૌકિક આયોજન ગણપતભાઈ કે.જોષી સાથે લક્ષ્મણ ટેકરી યુવક મંડળ, શ્રી જય ભવાની યુવક મંડળ ટેલીફોન એક્ષચેન્જ, શ્રી શિવશક્તિ પગપાળા સંઘ, બ્રિજેશ્વર કોલોની સામે ગૌસેવાર્થે આ શ્રીમદ દેવી ભાગવત કથાનું આયોજન કરાયું છે.

વ્યાસપીઠ પર પ.પુ.મા સરિતા દેવી ઉપાધ્યાય, (એમ.એ.સંસ્કૃત), કથાનું સુંદર મજાનું રસપાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી કરાવી રહ્યા છે. જેમાં દરરોજ પાવન પ્રસંગોની સંગીતમય ઉજવણી આરતી, પ્રસાદમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓ લાભ લઈ રહ્યા છે. ત્યારે આ કથા શ્રવણ કરવા સૌ ભક્તજનોને આયોજક દ્વારા પધારવા ભાવભર્યું નિમંત્રણ આયોજકો દ્વારા પાઠવાયું છે.

## ચક્ષુદાન એ મહાદાન



**શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જયોતિ ચક્ષુબેંક ડીસાના સંયુકત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.**

(૧)શ્રી રમેશભાઈ મોહનલાલ ટાંક (મો.૯૯૦૯૩૮૫૯૬૩)
(૨) શારદાબેન રમેશભાઈ ટાંક (મો. ૯૯૦૯૩૮૫૯૬૩)
(૩)પ્રેમીલાબેન અનીલભાઈ જટીયા (મો. ૯૮૯૮૭૫૧૬૩૩)

નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ
સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫,
૯૮૨૪૦ ૯૩૭૭૬, ૯૪૨૬૩ ૩૬૧૭૮

# ઉંમરા જૈનસંઘમાં આજે વન-ડે આંયબિલનું આયોજન

સુરત

શ્રી ઉંમરા જૈન સંઘમાં પંન્યાસ રાજરક્ષિત વિજયજી મ. સાહેબની પાવન નિશ્રામાં નવપદની ઓળીના ત્રીજા દિવસે રવિવારે વન-ડે આંયબિલનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ વરસના બાળક બાળિકાઓને સ્પે.પ્રભાવનાથી બહુમાન કરાશે. સવારે ૯/૩૦ કલાકે નવપદનો મહિમા ન્યારો ઉપર પ્રવચન થશે. ૨૬ માર્ચ સોમવારથી દરરોજ રાત્રે ૯/૦૦ કલાકે યુવાનો ભાઈઓ માટે “હેલો જિંદગી-હેપી જિંદગી" ઉપર વિશિષ્ટ પ્રવચન થશે.

# દીઓદરમાં નવીન માર્કેટ યાર્ડમાં મહાયજ્ઞ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર કોટડા રોડઉપર નિર્માણ પામેલ નવીન માર્કેટયાર્ડમાં શ્રી સપ્તશતિશ્રી કુબેર મહાયજ્ઞ ત્રણલાખ એકાવન હજારની આહુતિ સાથે તા.૧૮ થી ૨૫ સુધી યોજાઈ રહ્યો છે. તા.૨૫/૩/૨૦૧૮ના રોજ હવનની પૂર્ણાહુતિ થશે. દીઓદર ધારાસભ્ય અને માર્કેટ સમિતિના ચેરમેન શીવાભાઈ ભુરીયા દ્વારા યોજાનારા આ હવનમાં આજદિને સવારે ધર્મ સભા યોજાશે. ત્યારબાદ સત્કાર સમારોહ યોજાશે ત્યારબાદ ભોજન સમારોહ યોજાશે. આ હવનમાં અનેક પરીવારોએ યજમાન તરીકેનો લાભ લીધેલ છે. વિશ્વ કલ્યાણ અર્થે ત્યાગી મહાપુરૂષોના સાનિધ્યમાં યોજાઈ રહેલ આ મહાયજ્ઞમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

**ગોગ મહારાજના સાનિધ્યમાં**

# વાવમાં યજ્ઞનો પ્રારંભ અને રેગડીનો કાર્યક્રમ યોજાયો



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવમાં જૈનવાડીની પાછળ વજીરવાસ ખાતે આવેલા કેડ-ગોગમહારાજના મંદિરના સાનિધ્યમાં તા. ૨૩/૩/૧૮ થી તા.૨૫/૩/૧૮ ત્રિદિવસીય ભવ્ય રમેલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે બીજા દિવસે ગતરોજ તા. ૨૪/૩/૧૮ ના રોજ ગોગ મહારાજના સાનિધ્યમાં વિદ્વાન શાસ્ત્રીજીની ઉપસ્થિતિમાં મંત્રોચ્ચાર અને શ્લોક સાથે શાસ્ત્રોકવિધિ અનુસાર યજ્ઞનો પ્રારંભ કરાયો હતો. યજ્ઞની સુવાસ સમગ્ર વાવ પંથકમાં પ્રસરી ઉઠી હતી. હજારો ભક્તોએ દાદાનો પ્રસાદ લઈ દાદાના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. રાત્રે ગુજરાતના નામાંકિત રેગડી કલાકાર ગોવિંદ ઉંબરી (વિહતરામે) રેગડીની રમઝટ બોલાવી હજારો ભક્તોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ બાબતે (ભૂઆજી) ભાટી હરજીભાઈ રગાજી અને (ભૂઆજી) ભાટી વિનોદભાઈ લક્ષ્મણજી વાવવાળાએ જણાવ્યું હતું કે આ ચમત્કારી પ્રગટ થયેલા કેડ ગોગમહારાજના સાનિધ્યમાં અમારા વજીર સમાજ તરફથી ત્રિદિવસીય મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. હજારો ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી રહ્યું છે. આજરોજ તા. ૨૫/૩/૧૮ ના રોજ તૃતિય દિવસે તેલફુલ તેમજ ભોજનપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. સમસ્ત વજીર સમાજ અને ગ્રામજનો તરફથી ભારે સહકાર સાંપડી રહ્યો છે.

## કોલગેટ અને મેટ્રો કેશ એન્ડ કેરી ઈન્ડિયા દ્વારા ‘જળ બચાવો' જાગૃતિ કાર્યક્રમ માટે ભાગીદારી



વિશ્વ જળ દિવસની ઉજવણીના ભાગરૂપ ઓરલ કેરમાં બજાર આગેવાન કોલગેટ- પામોલિવ (ઈન્ડિયા) લિમિટેડ અને ભારતની અગ્રણી સંગઠિત હોલસેલર મેટ્રો કેશ એન્ડ કેરી દ્વારા એક મહિનો ચાલનારા જળ બચાવો જાગૃતિ કાર્યક્રમ માટે જોડાણ કરવામાં આવ્યું છે. આ પહેલના ભાગરૂપ કોલગેટ કેમ્પેઈનના સમયગાળા દરમિયાન બધા મેટ્રો કેશ એન્ડ કેરી સ્ટોર્સમાંથી દરેક કોલગેટ સ્ટ્રોંગ તીથ ૫૦૦ ગ્રાપેક અને કોલગેટ સ્વર્ણ વેદશક્તિ ૨૦૦ ગ્રા પેકના વેચાણ પર યુનિટ દીઠ રૂ. ૧૦નું દાન કરશે, જે દાન વોટર ફોર પીપલ ઈન્ડિયા ટ્રસ્ટને અપાશે.આ ઝુંબેશ ૧ માર્ચશી બધા ૨૪ મેટ્રો કેશ એન્ડ કેરી સ્ટોર્સમાં શરૂ થઈ ચૂકી છે અને તે ૩૧ માર્ચ સુધી ચાલશે.

આ પહેલનું લક્ષ્ય આ અછતગ્રસ્ત નૈસર્ગિક સંસાધનનો બગાડ અટકાવવા અને પાણીની બિનપહોંચક્ષમતાના મુદ્દાઓને પહોંચી વળવા અને ભારતના અંતરિયાળ વિસ્તારોમાં સેંકડો લોકો દ્વારા ભોગવવામાં આવતી દૂષિત પાણીની સમસ્યા દૂર કરવા માટે જાગૃતિ ફેલાવવાનું છે. આ ઝુંબેશને મજબૂત ડિજિટલ માર્કેટિંગ પહેલોનો મેટ્રો કેશ એન્ડ કેરી સ્ટોર્સમાં ઓનલાઈન અને ઓફફલાઈન ટેકો અપાશે. જળ સંવર્ધન ઝુંબેશમાંથી પ્રાપ્તિઓ એનજીઓ ભાગીદાર વોટર ફોર પીપલ ઈન્ડિયા ટ્રસ્ટને જશે, જે આ યોગદાનનો ઉપયોગ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં પાણીની અછતની સ્થિતિ દૂર કરવા માટે મદદરૂપ થવા કરાશે, જ્યાં ગામડાંઓમાં પરિવારોને ન?ળ જોડાણ આપવાની વ્યવસ્થા કરાશે.

# ઈન્ડિયા હેકાથોન ૨૦૧૮ની બીજી શ્રેણી – ભારતની ડિજિટલ ઈનોવેશન ક્રાંતિ

પર્સિસ્ટન્સ સિસ્ટમ માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય, એઆઈસીટીઈ, રામભાઈ પ્રબોધિની માહ્લગી, એનઆઈસી, માય ગવ અને આઈફોરસીસ સાથે મળીને સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનનું આયોજન કરી રહી છે. આ ૩૬ કલાકની સોફ્ટવેર એડિશનનું ઉદઘાટન ૩૦ માર્ચ ૨૦૧૮ના રોજ ભારત સરકારના કેન્દ્રીય માનવ સંસાધન અને વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકર અને સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન ૨૦૧૮ના ચીફ પેટ્રનના હસ્તે કરવામાં આવશે.સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનનું આ સતત બીજું વર્ષ છે કે જેમાં દેશના લાખો ટેકનોલોજી વિદ્યાર્થીઓને પડકાર ફેંકવામાં આવે છે. ૧૭ રાજ્ય સરકારો સામેલ થઈને પોતાને ત્યાં હેકાથોનનું આયોજન કરે છે. સોફ્ટવેર એડિશનનો અંતિમ રાઉન્ડ ભારતના વિવિધ મધ્યવર્તી કેન્દ્રો ખાતે ૩૦ અને ૧ માર્ચ ૨૦૧૮ના રોજ યોજવામાં આવશે.સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન એ નાની ડિજિટલ ક્રાંતિ છે. કે જે ભારતના ટેકનોલોજી વિદ્યાર્થીઓને સર્જનાત્મકતા અને કૌશલ્યતા દેખાડવાની તક આપે છે. જેના કારણે દેશ ડિજિટલ ઈન્ડિયાનાં સ્વપ્ન તરફ આગળ વધે છે. અમને આશા છે કે અમે સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન ૨૦૧૮નું સફળ આયોજન કરી શકીશું. સમગ્ર દેશમાંથી આ ઈવેન્ટમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. હાર્ડવેર એડિશન- આ નવું વર્ઝન છે જેમાં ટીમો સતત પાંચ દિવસ સુધી એકબીજા સાથે સ્પર્ધા કરશે. અને હાર્ડવેર સોલ્યુશન્સ બનાવશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો પણ ભાગ લેશે આ ઘટનામાં ૨૭ કેન્દ્રીય વિભાગો અને ૧૭ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો પણ ભાગ લેશે. તેઓ ૩૪૦ જેટલા સોફ્ટવેરના પ્રશ્નોનું નિરાકરણ લાવશે. અને ૬૮ જેટલા હાર્ડવેરના પ્રશ્નોનું નિરાકરણ લાવશે. સોફ્ટવેર એડિશન ૨૮ કેન્દ્રો અને હાર્ડવેર એડિશન ૧૧ કેન્દ્રો ખાતે યોજાશે.

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન ૨૦૧૮ દેશની સૌથી મોટી હેકાથોન માનવામાં આવે છે. જેમાં ૧૭ હજાર કરતાં પણ વધુ ટીમો (સોફ્ટવેર અને હાર્ડવેર બંને એડિશનમાં) ભાગ લેવા જઈ રહી છે. આમાંથી ૧૨,૦૪૭ ટીમો સોફ્ટવેર એડિશનમાં ભાગ લેશે અને તેને ૨૭ કેન્દ્રીય વિભાગો તેમજ ૧૭ રાજ્ય સરકારોનો ટેકો છે.

# બંધક મજૂર પછી, ઉડાન “માનસિક બંધુઆ" હોવા સામેની લડાઈ ની શોધ કરે છે

બંધક મજૂરોની પ્રચલિત પદ્ધતિમાં પ્રાણ ફુંકયા પછી, ઉડાન પોતાના જોડી રાખનાર વર્ણન અને શક્તિશાળી પરફોર્મન્સિસ વડે દર્શકોને પોતાની શરુઆતથી જ જકડી રાખતું આવેલ છે. ટેલિવિઝનના સૌથી વધુ આઈકોનિક પાત્રોમાંથી એક એવી ચકોરે અન્ય કોઈપણ પાત્ર કરતાં વધુ ઉપરનો ગ્રાફ આણ્યો છે. ૭ વર્ષની વયનીના મુક્ત થવાના શમણાંથી જે શરુઆત થઇ તે પોતાના દર્શનીય ૧૦૦૦ એપિસોડના ચાલવા સાથે સામાજિક અન્યાય, પારિવારિક કલહ અને લાગણીગત બેડીઓમાંથી મુક્ત થવાની એક ગહન



કથા તરીકે સામે આવ્યું. પોતાનું લોઢુ આગળ લઈ જતાં, ઉડાન ૧.૫ વર્ષની ફાળ ભરતાં જોવા મળશે, સાયકોલોજિકલ વર્ચસ્વ અથવા “માનસિક બંધુઆ" તરીકે ઓળખાતા ખૂબ જ લાગતાં વળગતાં મુદ્દાને સંબોધશે.

તાજેતરમાં, દર્શકોએ ઈમલી (વિધિ પંડયા) દ્વારા ખૂબ જ સહન કરનાર, છેવટે તેણીથી છુટકારો મેળવનાર ચકોર(મીરા દેવસ્થલે) અને સુરજ(વિજયેન્દ્ર કુમારિયા)ને જોયાં છે. તેઓ પોતાનું જીવન પોતાના પરીવારમાં એક નવો ઉમેરો – એક દીકરી સાવી સાથે નવેસરથી શરૂ કરે છે અને વધારાની જવાબદારી સાથે એક યુવાન માતા–પિતા તરીકે જીવન જીવે છે.વિજયેન્દ્ર કુમારિયાએ કહ્યું, “ફાળની સાથે, સુરજ એક સશક્ત પતિ હલવાની ભૂમિકામાં છે જે ચકોરને તેણી જે કાંઈ પગલું ભરશે એમાં ટેકો કરતો જણાશે. અત્યાર સુધી ઉડાન પરની અમારી મુસાફરી અદભુત રહી છે અને આવી રહેલ ટ્રેક સાથે વધુ સારી પાળી માટેની આ આશા છે"ચકોર અને સુરજના હેપ્પી–એવર–આફટરની આ શરૂઆત છે કે શું? વધુ જાણવા માટે નિહાળતા રહો ઉડાન સોમવારથી શુક્રવાર રાત્રે ૮-૩૦ કલાકે ફક્ત કલર્સ પર

## હિરો મોટોકોર્પ તેના ૮મી વર્લ્ડક્લાસ મેન્યુફેક્ચરિંગ ફેસેલિટીની પ્રતિબદ્ધતા સાથે માર્કેટ લિડરશિપ બનવા માટે સક્રિય




ચિત્તુર (આંધ્રપ્રદેશ)

“આધુનિક ટેક્નોલોજી, ઈનોવેશન અને જન્મજાત આંતરિક ઉત્સાહી વૃત્તિ ઉપર સવાર થઈને હીરોમોટો કોર્પ સ્ટેટ-ઓફ-ધી આર્ટ મેન્યુફેક્ચરિંગ ફેસેલિટી અને નવા માર્કેટ સાથે સમગ્ર વિશ્વમાં પોતાની હાજરીનું વિસ્તરણ કરી રહ્યું છે. આંધ્રપ્રદેશના ચિંતુરમાં અમારા નવા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની પ્રતિબદ્ધતા સાથે અમે રાજયમાં સસ્ટેઇનેબલ ઈકો-ફ્રેન્ડલી ગ્રીન મેન્યુફેક્ચરિંગના વૈશ્વિક માનાંક લાવવા જઇ રહ્યાં છે. આ ફેસિલિટી સંપૂર્ણપણે કાર્યરત થશે ત્યારે સંયુક્ત રીતે અમારી મોટરસાયકલ અને સ્કુટર્સની વાર્ષિક સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૧૧ મિલિયન યુનિટે પહોંચી જશે. જે અમારા વર્ષ ૨૦૨૦ સુધીમાં ૧૦ મિલિયન યુનિટ મેન્યુફેક્ચરિંગના સિમાચિહ્નરૂપ લક્ષ્યાંકને વટાવી જશે." “અમારી ફેસિલિટી સાથે અમે આ વિસ્તારમાં ગ્લોબલ બેન્ચમાર્ક સાથે વર્લ્ડ ક્લાસ મેન્યુફેક્ચરિંગ ઈકો-સિસ્ટમ બનાવવા પ્રતિબદ્ધ છીએ. વેન્ડર્સ અને સપ્લાયર્સ સાથે ૧૨ હજારથી વધારે નવી રોજગારી સર્જાશે જેનાથી રાજયમાં આર્થિક અને સામાજીક વિકાસને વેગ મળશે."



## તંત્રી સ્થાનેથી ...

### સૂર્ય અને ચંદ્રને પણ અસ્ત થવું પડે છે, તો આ જગતમાં કોણ સ્થિર છે ?

# માનવ તસ્કરીના બનાવોને પડકારવા ચોક્કસ નીતિ જરૂરી

મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાના પગલે દેશમાં ત્રાસવાદી નેટવર્કની તપાસ ચલાવવા માટે એક કેન્દ્રિય એજન્સીની જરૂર વર્તાતાં ''નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની રચના'' (એનઆઈએચ) સંસદમાં પસાર કરાયેલા ધારા હેઠળ કરવામાં આવી હતી. પરંતુ દેશભરમાં પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદ કે પછી ઈન્ડિયન મુજાહિદ્દિન જેવા લોકલ મોડ્યુલ સહિતના ત્રાસવાદી નેટવર્ક અને ત્રાસવાદી ગતિવિધિઓની તપાસ કરતી સદર એજન્સી પાસે આટલા વિશાળ પાયે કામ કરવા માટે માત્ર ૬૫૦ લોકોનો સ્ટાફ છે અને વર્ષે માત્ર ૧૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવતું હોય છે.

ત્રાસવાદી સંગઠનો જે પોતાનું સંગઠન ચલાવે છે તેમાં દેખરેખ રાખનારા ૫૦૦ થી વધુ લોકો હશે. તેમના પગારો અને ખર્ચાની રકમ મુસ્લિમ રાષ્ટ્રો તરફથી આવતી હોવાનું મનાય છે. આ રકમ કરોડોની હોવાનું પણ બહાર આવ્યું છે. દેશમાં મહાનગરોમાં ત્રાસવાદી સંગઠનના કેટલાક એજન્ટો મોંઘીદાટ હોટલોમાં રહેતા હોય છે.

છેલ્લા દસ વર્ષમાં એનઆઈએ.ને વધુ શક્તિશાળી બનાવવાની દિશામાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું નથી. આટલું ઓછું હોય તેમ હવે સરકાર માનવ તસ્કરીના કેસોની તપાસ પણ એનઆઈએના માથે લાદવા માંગે છે. માનવ તસ્કરી અને તેમાં પણ નાની વયની તરૂણીઓને ઉઠાવી તેમને દેહ વ્યાપારમાં ધકેલી દેવાના કિસ્સા કે નાના બાળકોનું અપહરણ કરી તેમની પાસે વેઠ કરાવવા સહિતના કિસ્સાઓ મોટાભાગે એકથી વધુ રાજ્યો સાથે સંકળાયેલા હોય છે.

અપહરણ કરાયેલ બાળકો અને યુવતીઓનું આરબ દેશોમાં વેચાણ થાય છે અને ત્યાં તેઓને ગુલામ બનાવી દેવામાં આવતા હોવા બાબતની હકીકત બહાર આવી છે. આ અંગેની તપાસ એન.આઈ.એ.ને સોંપવી જોઈએ.

ઉપરોક્ત તસ્કરીની તપાસ સ્થાનિક પોલીસ પર છોડવાના બદલે આંતરરાજ્ય સ્તરે કામ કરી શકે તેવી એજન્સીને સોંપવાની જરૂર વર્તાતી હતી.

વર્તમાન સંજોગોમાં સીબીઆઈ પર આમ પણ ઘણું ભારણ હોવાથી છેવટે આ તપાસ એન.આઈ.એ.ના માથે લાદવાની હિલચાલ શરૂ થઈ છે, ત્રાસવાદી બાબતોના વિશેષજ્ઞો માને છે કે આ પગલાંથી એન.આઈ.એ. ત્રાસવાદ જેવા જટિલ અને વ્યાપક નેટવર્કની તપાસમાં ખલેલ અનુભવી શકે છે.

જ્યારે બીજી તરફ માનવ તસ્કરી અટકાવવાના ક્ષેત્રમાં કામ કરતા એનજીઓને આશંકા છે કે ઓલ રેડી ત્રાસવાદના કેસો હેઠળ દબાયેલી એન.આઈ.એ. આ ક્ષેત્રની અંદર ભાગ્યે જ ધ્યાન આપી શકશે. કમસે કમ સરકારે આ બાબતે પોતાનો ચોક્કસ અભિગમ નક્કી કરવો જોઈએ. ત્રાસવાદની સમસ્યા કેમ બને છે? માનવ તસ્કરી ક્યાં કેવી રીતે થાય છે તે બાબતે જો કે હવે સખ્ત કાયદો વ્યવસ્થા હોવી જરૂરી છે. સરકાર પર અનેક બાબતોનું ભારણ છે તે બરાબર પરંતુ માનવ તસ્કરીના બનાવોને પડકારવા વ્યુહાત્મક આયોજન વિચારવું પડશે!

## મેજિકબ્રિક્સ-એસબીઆઈના 'બિગ બૈંગ હોમ કાર્નિવલ'ની સાથે મળેલા ૭૦૦૦૦ ભાવી ખરીદદાર; ૨૦૦૦૦થી વધારે ભાવી ખરીદદારોએ હોમ ફાયનાન્સ માટે કર્યો સંપર્ક

''એસબીઆઈ-મેજિકબ્રિક્સ બિગ બૈંગ કાર્નિવલ''ને ૭૦૦૦૦થી વધારે સંભવી ખરીદદારોથી શાનદાર પ્રતિક્રિયા મળી છે, જેણે કાર્નિવલ દરમિયાન ઘર ખરીદવા અને હોમ ફાયનાન્સમાં રસ દર્શાવ્યો છે.અનન્ય પ્રકારનો આ હાઉસિંગ ફેસ્ટિવલ ૯ માર્ચ, ૨૦૧૮એ સમાપ્ત થયો, જેમાં ૨૨ ભારતીય શહેરોથી લગભગ ૧૬૦૦૦ યુનિટ્સ બતાવામાં આવ્યા. ૮૫ ડેવલપર્સે ૧૩૦ પ્રોજેક્ટ્સને તેના માધ્યમથી પ્રસ્તુત કર્યા, ત્યાં એસબીઆઇ એ એસબીઆઇ તથા રેરા મંજૂર થયેલ પ્રોજેક્ટ્સ પર આકર્ષણ રૂણ સુવિધાઓ ઉપલબ્ધ કરી. ૧૦૦૦થી વધારે પ્રોપર્ટીઝ પર સ્પેશલ ડીલ્સ પ્રસ્તુત કરી હતી. તેના સિવાય એલાયન્સ પાર્ટનર એશિયન પેઈન્ટ્સે પણ ઘરના ખરીદદારોંને નિઃશુલ્ક હોમ કન્સલટેશન સેવાઓ આપી હતી.''બિગ બૈંગ કાર્નિવલ એસબીઆઇ અને મેજિકબ્રિક્સની અનન્ય પહેલ છે, જે ગ્રાહકોને પ્રોપર્ટી સર્ચની સાથે ઓનલાઇન હોમ લોન સુવિધા પણ ઉપલબ્ધ કરાવે છે. પ્રોપર્ટી કાર્નિવલ દરમિયાન એસબીઆઇ એ કેટલાંક ઈનોવેટિવ પ્રોડક્ટ્સ અને વેલ્યુ એડેડ સેવા પ્રસ્તુત કરી, જેમકે એસબીઆઇ અને રેરાના મંજૂર પ્રોજેક્ટ્સ પર જાણકારી, ડોર સ્ટૈપ ડોક્યુમેન્ટેશન (સરળતાથી દસ્તાવેજ તૈયાર કરવું), સાત દિવસોમાં હોમ લોન. આ કાર્નિવલે ઘરના ભાવી ખરીદદારોંને ઓનલાઇન આવેદનનો બેજોડ અનુભવ આપ્યો હતો. ખાસ કરીને પહેલી વાર ઘર ખરીદવાવાળા ગ્રાહકોથી જોરદાર પ્રતિક્રિયા મળી છે.''

## સિદ્ધિવિનાયકની રિદ્ધિ શ્રીદેવીના અંજલિ આપવા માટે હવા હવાઈમાં ફેરવાશે



&TVની ફિકશન ઓફર સિદ્ધિવિનાયક બે બાળપણના ફ્રેન્ડ્સા અજોડ જીવન પ્રવાસની વારતા છે. શોની વારતા રસપ્રદ તબક્કામાં છે, જ્યાં સસ્પેન્સ પરથી હવે પડદો ઊંચકાવાનો છે. આગામી એપિસોડમાં રિદ્ધિ ઉર્ફે ફરનાઝ શેટ્ટી સંપૂર્ણ અલગ અવતારમાં જોવા મળશે, કારણ કે તે સિદ્ધિના મૃત્યુની પાછળના અસલી સૂત્રધારને જાણવાની અત્યંત નજીક છે અને સસ્પેન્સ ઉજાગર કરવામાં મદદરૂપ થતો એકેય મોકો કે છોડવા માગતી નથી. સિદ્ધિવિનાયકની આગામી વારતામાં દર્શકોને જોવા મળશે કે વિનાયક સિદ્ધિના મૃત્યુ માટે જવાબદાર નથી એ જાણ્યા પછી રિદ્ધિને શંકર પર શંકા જાય છે. શંકરની ગુંડા (ભીમા) સાથે વાતચીત સાંભળ્યા પછી તે ગુંડાનો પીછો કરે છે અને ડાન્સ બારમાં પહોંચી જાય છે. તેની પાસેથી માહિતી કઢાવવા માટે રિદ્ધિ બારમાં ડાન્સરને સ્વાંગ રચે છે અને હવા હવાઈ ગીત પર નાચે છે. શ્રીદેવી વૈશ્વિક ડાન્સિંગ સેન્સેશનના સ્વાંગમાં ગુંડાઓના અડ્ડામાં પહોંચી જાય છે તેવી જ આ સ્થિતિ હોય છે.વધુ જાણવા માટે જોતા રહો સિદ્ધિવિનાયક, સોમવારથી શુક્રવાર, રાત્રે ૯ ફક્ત &TV પર

### આત્મચિંતન

## રામનવમી પર્વ

અધર્મનો નાશ અને ધર્મની સ્થાપના, સાધુતાનું રક્ષણ અને દુષ્ટોનો વિનાશ આ બે હેતુ પૂર્ણ કરવા ભગવાન અવતાર ધારણ કરે છે જ્યારે જ્યારે આ ધરતી પર અવતારી દેવદૂતો આવ્યા છે ત્યારે ત્યારે ફેલાયેલી અસુરતાનો નાશ કરી દેવત્વની સ્થાપન કરી છે. જેના હૃદયમાં આ બે કામ કરવાની ઉત્કંઠા જાગતી હોય, આ દિશામાં જેનું કાર્ય જેટલું પ્રખર બની રહ્યું હોય તેના અંતઃકરણમાં ભગવાનનો એટલો જ પ્રકાશ ઝગમગી રહ્યો હોય છે. અવતારી દેવદૂતોની જન્મજયંતી ઉજવવાનો મૂળભૂત હેતુ એ છે કે ભગવાનને જે કાર્ય સૌથી વધુ પ્રીય હોય, જેના માટે તે દેહ ધારણ કરે છે અને કષ્ટો સહે છે, તેનું આપણે પણ અનુકરણ કરીએ અને એ માર્ગ પર ચાલવા પ્રયત્ન કરીએ. મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રના ગુણોને આપણે હૃદયગંમ કરવા જોઈએ અને આચરણ દ્વારા તેમને આપણને જે પથ દર્શાવ્યો છે તે પથ પર ચાલવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

II Our Experience is Your Treasure II
ISO 9001:2015 CERTIFIED
Investment Point
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy



Nikhil Bhatt
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજારમાં અફડા – તફડી બાદ સ્ટોક સ્પેશિફિક મૂવમેન્ટ...!!

## ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૨૬.૦૩.૨૦૧૮ થી ૩૦.૦૩.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

મિત્રો, લ્યો કરો વાત...!!! તેજી તેજીની વાતો હવામાં રહી ગઈ અને નિફ્ટી ફ્યુચરે ૧૦૦૦૦ પોઈન્ટ ની અતિ મહત્વની એવી મનોવૈજ્ઞાનિક સપાટી પણ તોડી તેજીના ખેલંદાઓ ને ટ્રેપ માં લઈ લીધા..છેલ્લાં બે થી ત્રણ સપ્તાહથી આ કોલમમાં ટેકનીકલ કરેકશન દ્વારા નફારૂપી વેચવાલીની આગાહી કરી રહ્યા છીએ તો પણ સટ્ટાકીય ટ્રેડરો એ ધ્યાને ના લીધી અને હવે માર્જીન અને માર્ક ટુ માર્કેટ લોસ ચુકવવા ટેન્શનમાં ફરે છે મિત્રો, છેલ્લા ૨૨ વર્ષોથી આ કોલમ તમને માર્ગદર્શક બને અને તમારો ઈક્વિટી પોર્ટફોલીઓ નફાલક્ષી બને એ માટે અમો સતત પ્રયત્નશીલ છીએ...ઉપરાંત સેબી દ્વારા રીસર્ચ એનાલીસ્ટ તરીકે સર્ટિફાઈડ પણ થયા છીએ તો એનું મહત્વ સમજી બની બેઠેલા એનાલીસ્ટોની આડી અવળી ટીપ્સોમાં ધ્યાન ના આપો અને તમારી કેપિટલ ને સાચી રીતે યોગ્ય સ્ટોકમાં ઈન્વેસ્ટમેન્ટ કરો..!! હાલમાં બજારમાં ઘટાડો થઈ રહ્યો છે બજાર નરમાઈના ટ્રેન્ડની વચ્ચે થોડા સારા સમાચાર એ છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ખરીદી ચાલુ કરી છે. માર્ચ મહિનામાં એફપીઆઈએ બજારમાં અંદાજીત સ્ટોક સ્પેશીફીક રૂ.૬૪૦૦નું રોકાણ કર્યું હતું. યુ.એસ.ફેડરલ રિઝર્વની બે દિવસીય મીટિંગના નિષ્કર્ષ પૂર્વે વૈશ્વિક બજારોમાં તેમજ અમેરિકી બજારોમાં મજબૂતી સામે યુરોપ, એશીયાના અન્ય દેશોના બજારોમાં નરમાઈ જોવા મળી તેમ જ ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ સતત વધતાં રહીને બ્રેન્ટ ક્રુડના ૬૮ ડોલરની સપાટી કુદાવી બજારને જોખમી તબક્કામાં મૂકી દીધું. ફંડોનું ભારતીય શેર બજારોમાં સતત ઈન્ડેક્સ બેઝડ શોર્ટ કવરિંગ થઈ રહ્યાના અહેવાલો છે. ભારતીય નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ પૂરું થવામાં છે, ત્યારે પાછલા દિવસોમાં શેરોમાં મોટાપાયે પ્રોફિટ બુકિંગ સાથે કરેકશનનો લાંબો દોર જોવાયા બાદ ફંડો, મહારથીઓએ ઓવર સોલ્ડ પોઝિશન હળવી કરતાં જઈને બૅંકિંગ, ઓઈલ-ગેસ, કેપિટલ ગુડઝ-પાવર ફ્રન્ટલાઈન શેરોમાં વધુ વેચાણો કર્યા હતા. અલબત સ્મોલ, મિડ કેપ શેરોમાં સતત ઓફલોડિંગ ચાલુ રહીને માર્ચ એન્ડિંગ પૂર્વેની એન્ટ્રીઓ ફેરવવાની છેલ્લી ઘડીની કવાયત પણ થતાં સંખ્યાબંધ શેરોમાં નરમાઈ રહી હતી

યુ.એસ.ફેડરલ રિઝર્વ દ્વારા અપેક્ષા મુજબ અમેરિકાની ઔદ્યોગિક-આર્થિક રિકવરીને વેગ મળ્યાના પોઝિટીવ આંકડાએ વ્યાજ દરમાં ૦.૨૫ % વધારો જાહેર કર્યા સાથે ચાલુ વર્ષ ૨૦૧૮માં વધુ બે વખત વ્યાજ દરમાં વધારો કરવાનો સંકેત આપતાં તેમ જ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અમેરિકા ફસ્ટ નીતિ હેઠળ વૈશ્વિક વેપાર યુદ્ધને વેગ આપીને ચાઈના સામે ૫૦ અબજ ડોલરનો ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટના ઉલ્લંઘનનો દાવો માંડવાની તૈયારીના સંકેતે વૈશ્વિક બજારોમાં નરમાઈ સાથે ભારતીય શેરબજારોમાં પણ પ્રોફિટ બુકિંગ વધતું જોવાયું હતું. અમેરિકી અર્થતંત્રને નુકશાન પહોંચાડવા બદલ વિવિધ દેશો સામે અમેરિકાની થઈ રહેલી કાર્યવાહીની સામે અન્ય દેશો દ્વારા પણ વળતાં પગલાંની સાથે વૈશ્વિક વેપાર પર નેગેટીવ અસર પડવાના સ્પષ્ટ સંકેત સાથે અમેરિકા દ્વારા ફરી ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાદવાની તૈયારીના સંકેતે ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ વધીને ગઈકાલે ૬૯ ડોલરની સપાટી કુદાવી જઈ ૭૦ ડોલર નજીક પહોંચી ગયાની નેગેટીવ અસરે ફંડોનું શેરોમાં ઓફલોડિંગ વધ્યું હતું.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, વૈશ્વિક બજારમાં વોલેટિલિટી છે તથા વૈશ્વિક વેપાર સંબંધિત ગતિવિધિને કારણે તેમાં ઘટાડો થઈ રહ્યો છે. એશિયાનાં બજારો ગયા સપ્તાહના અંતિમ દિવસે મિશ્ર રહ્યા હતા. યુરોપનાં બજારોને ગયા સપ્તાહે સૌથી વધુ અસર થઈ હતી. ક્રૂ□ડ ઓઈલના ભાવમાં ઘટાડો થવાની શક્યતાએ અને કોર્પોરેટ અર્નિંગમાં સુધારાની ધારણાએ વિદેશી ફંડ્સ ખરીદી કરી રહ્યા છે તેમજ અમેરિકા અને ચીન વચ્ચે 'ટ્રેડ વોર'ની ચિંતાને કારણે અમેરિકાનાં બજારોમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે ત્યારે અમેરિકન બજારમાં વેચવાલી વ્યાપક હતી. ફેડરલ રિઝર્વની અંદાજ કરતાં ઓછી આક્રમક પોલિસીથી અમેરિકન બજારમાં સુધારાની આશા હતી પણ ટ્રેડ વોરની ચિંતાથી બજારો ગબડ્યાં હતાં. રશિયાની તપાસ સંભાળી રહેલા પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પના લીડ એટર્નીના રાજીનામાના અહેવાલને કારણે પણ સેન્ટિમેન્ટ ખરડાયું હતું. ઈન્ડેક્સ સતત છેલ્લાં આઠમાંથી સાત ટ્રેડિંગ સત્રમાં ઘટાડા તરફી આગેકૂચ કરી રહ્યો છે.

ભારતીય શેરબજારના રોકાણકારો માટે નિફ્ટીએ જાન્યુઆરીમાં નવી ઊંચી સપાટી બનાવી હતી તેનો આનંદ લાંબો સમય ટક્યો ન હતો. તેના પછી આવેલી વૈશ્વિક વેચવાલી અને ઈન્ડેક્સમાં સૌથી વધુ ભારાંક ધરાવતા બેન્ક શેરો સાથે નિફ્ટી ૯ % થી વધારે ઘટી ચૂક્યો છે. ભારતની જાહેર ક્ષેત્રની બીજા નંબરની સૌથી મોટી બેન્ક પંજાબ નેશનલ બેન્ક (પીએનબી)માં ૧૩,૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ બહાર આવ્યા પછી પીએસયુ બેન્કોએ મોટાપાયે ઘટાડો નોંધાવ્યો છે. તેમા પણ મેક્રો-ઈકોનોમિક અને રાજકીય અનિશ્ચિતતાએ આ પરિસ્થિતિમાં ઉમેરો કર્યો છે. વૈશ્વિક વેચવાલીના લીધે ભારતીય શેરબજારોમાં પણ કરેકશન આવ્યું હતું. એશિયા અને યુરોપના ઈક્વિટી બેન્ચમાર્ક જાન્યુઆરી ૨૯ પછી નકારાત્મક વળતર જ આપી રહ્યા છે. બ્રાઝિલનો બોવેસ્પા એકમાત્ર એવો ઈન્ડેક્સ છે જેણે હકારાત્મક વળતર આપ્યું છે. હાલમાં ભારતીય શેરબજારમાં કરેકશનનો વ્યાપ વધારે છે. સ્મોલ-કેપ, મિડ-કેપ ઈન્ડાઈસીસ નિફ્ટી ૫૦ કરતાં પણ વધારે ઘટાડો નોંધાવ્યો છે. ઈન્ડિયા વીઆઈએક્સ કે વોલેટાલિટીનો માપ એવો આ ઈન્ડેક્સ જાન્યુઆરીની ટોચની સપાટી પછી ૧૧ % ઘટયો છે, જે સૂચવે છે કે રોકાણકારો પ્રીમિયમ ચૂકવવા તૈયાર છે. પીએનબી અને અન્ય બૅંકોમાં થયેલી છેતરપિંડીના લીધે સરકારે ગયા વર્ષે જાહેર કરેલો ૨.૧૧ લાખ કરોડ રૂપિયાનો રિકેપિટલાઈઝેશન પ્લાન કોરાણે મૂકાઈ જાય તેવી સંભાવના છે

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

વિદેશી સંસ્થાઓના વાર્ષિક રોકાણ સંદર્ભે જોઈએ તો ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૮૯૮ કરોડની વેચવાલી તેમજ ૨૨ માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૬૯૮૪.૧૭ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ - ૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૯૭.૭૪ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ૨૮ ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૭૬૮૧.૫૧ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૩૯૮.૭૩ કરોડની ખરીદી, ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૬,૨૧૬.૧૨ કરોડની ખરીદી, ૨૨ માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૦૬૭.૯૦ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, ફેબ્રુઆરી માટે આઈઆઈપી અને સીપીઆઈના આંકડા અનુકૂળ આવ્યા હોવા છતાં બજારમાં નરમાઈ જોવા મળે છે. એવું લાગે છે કે બજાર હજુ પોતાની શક્તિ તેજી તરફી દર્શાવવાના મૂડમાં નથી. આ સપ્તાહમાં આપણી નજર ફેડની મિટિંગ પર હતી પરંતુ રેટમાં અપેક્ષિત વધારો ના થયો અને આપણે શોર્ટ ટર્મ બાઉન્સની રાહ જોઈ થાકી ગયા તેનાથી છેલ્લા એક

આભાર - નિહારીકા રવિયા સપ્તાહથી સતત થઈ રહેલી વેચવાલીમાં થોડી રાહત મળશે ની આશા પણ નકારાત્મક રહી. ૨૦૦ ડીએમએના સપોર્ટ પરથી ઈન્ડેક્સ ઊછળ્યો હતો અને ફરીથી સમાન સ્તર પર આવી ગયો છે. આ વખતે ઈન્ડેક્સ માટે બાઉન્સ થવાનું મુશ્કેલ હશે.ગત સપ્તાહે ૧૦૦૦૦ પોઈન્ટની મનોસંવેદી સપાટી જ તોડી નિફ્ટી ફ્યુચર નીચા મથાળે અંદાજીત ૯૯૬૦ પોઈન્ટ ને સ્પર્શ્યો હતો. મિત્રો, હું હજુ પણ ટ્રેડર્સને સાવચેત રહેવાની સલાહ આપું છું કારણ કે નિફ્ટી ફ્યુચર ૧૦૦૦૦ પોઈન્ટના મહત્ત્વના સપોર્ટ લેવલની નીચે ભારે વેચવાલીની શક્યતાઓ વધી જાય છે. વૈશ્વિક પ્રવાહો પરથી ટૂંકા ગાળામાં બજારની દિશા નક્કી થશે. ભારતીય નાણાકીય વર્ષ માર્ચ ૨૦૧૮ ના અંતે લિક્વિડિટીની સ્થિતિના કારણે બજાર વોલેટાઈલ રહેવાની શક્યતાઓ છે. મારા મતે બજારમાં કેટલોક આઉટફ્લો જોવા મળશે કારણ કે નાણાકીય વર્ષનો અંત આવી રહ્યો છે અને કેટલાક આઈપીઓ આવવાની તૈયારીમાં છે. સરકારની ડિસઈન્વેસ્ટમેન્ટ યોજનાના કારણે પણ તરલતાની સ્થિતિ ચુસ્ત રહેશે અને સેકન્ડરી માર્કેટમાં વધુ દબાણ પેદા થશે. સેક્ટર વાઈઝ હજુ પણ આઈટીની તરફેણ કું છું કારણ કે ડોલરની મજબૂતીથી ગયા સપ્તાહમાં સારો દેખાવ કર્યો હતો અને ચાલુ સપ્તાહમાં પણ તે બજારને આઉટપરફોર્મ કરે તેવી આશા છે. એફએમસીજી, સર્વિસિસ અને ફાઈનાન્શિયલ સર્વિસિસ જેવા સેક્ટરમાં રોકાણ કરવું જોઈએ હજુ પણ આકર્ષક લાગતા ન હોય તેવા સેક્ટરમાં ઓટો, ઈન્ફ્રા, ફાર્મા, પીએસઈ અને રિયલ્ટીનો સમાવેશ થાય છે.

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૧૯/૦૩/૨૦૧૮ ના રોજ ૧૦૨૩૦ પોઈન્ટ ખુલીને ૯૯૬૦ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૨૬૫ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૩૦૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૨૯ પોઈન્ટના ઉછાળે ૧૦૦૦૩ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૧૯/૦૩/૨૦૧૮ ના રોજ ૨૪૬૩૦ પોઈન્ટ ખુલીને ૨૩૬૩૧ પોઈન્ટના નીચા મથાળેથી ૨૪૬૭૦ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૦૩૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૯૨૭ પોઈન્ટના ઉછાળે ૨૩૬૮૦ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૦૦૩)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૯૮૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૦૭૩ પોઈન્ટથી ૧૦૧૦૧ પોઈન્ટ, ૧૦૧૩૩ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૧૩૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૩૬૮૦)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૩૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૨૩૨૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૩૭૩૦ પોઈન્ટથી ૨૩૮૦૮ પોઈન્ટ, ૨૩૮૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૩૮૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) ડો.રેડ્ડી ( ૨૦૭૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૨૦૧૬ ના પ્રથમ સપોર્ટથી ખરીદવા લાયક...!! ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૧૧૦ થી રૂ.૨૧૪૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) **HDFC** બેન્ક ( ૧૮૪૪ ) :- આ સ્ટોક રૂ.૧૮૧૮ નો પ્રથમ તેમજ રૂ.૧૮૦૩ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફ્યુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૮૭૩ થી રૂ.૧૮૮૦ સુધી ની તેજી તરફ રુખ નોંધાવશે...!!

૩) લાર્સન ( ૧૨૬૬ ) :- ૭૫૦ શેર નું ફ્યુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૨૩૧ નો પ્રથમ તેમજ રૂ.૧૨૧૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૮૧ થી રૂ.૧૨૯૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

૪) એશિયન પેઈન્ટ્સ ( ૧૧૧૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૩૭ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૫૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૦૮૭ થી રૂ.૧૦૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૧૫૧ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

૫) ભારત ફાઈનાન્સ ( ૧૦૭૭ ) :- રૂ.૧૧૦૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૧૦૫૭ થી રૂ.૧૦૪૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૧૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!

૬) લ્યુપિન લિમિટેડ( ૭૩૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૫૧ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૭૭૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૭૧૬ થી રૂ.૭૦૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૭૭૭ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) નિયોજીન ફાઈનટેક ( ૧૩૩ ) :- ફાઈનાન્સગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૧૯ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૨ થી રૂ.૧૫૧ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૧૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) શાંતિ ગિયર ( ૧૨૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૯ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૪ થી રૂ.૧૪૪ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) કીલોસ્કાર ઓઈલ ( ૩૩૩ ) :- રૂ.૩૧૬ નો પ્રથમ તેમજ રૂ.૩૦૯ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૪૭ થી રૂ.૩૬૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) બ્રિગેડ એન્ટરપ્રાઈઝ ( ૨૫૦ ) :- રિઆલિટી સેકટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૬૪ થી રૂ.૨૭૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૨૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ટેકનોફેબ એન્જી. લિમિટેડ ( ૨૦૮ ) :- રૂ.૧૯૬ નો પ્રથમ તેમજ રૂ.૧૯૦ ના સ્ટોગ સપોર્ટથી કન્સ્ટ્રકશન સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૨૧ થી રૂ.૨૩૫ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) બ્લુકોસ્ટ હોટલ્સ ( ૧૧૮ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૦૭ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૧૨૬ થી રૂ.૧૩૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) **BPL** ફાર્મા ( ૧૭૦ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૫૬ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૮૨ થી રૂ.૧૯૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) ભૂષણ સ્ટીલ ( ૪૦ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલસેક્ટરનો આ સ્ટોક રૂ.૩૬ આસપાસ રોકાણકારે રૂ.૪૭ થી રૂ.૫૨ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૩૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) નેટવર્ક ૧૮ ( ૫૪ ) :- મીડિયા સેકટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૬૧ થી રૂ. ૭૨ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૪૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) શ્યામ ટેલી ( ૨૨ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ટેલીકોમ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૧૮ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૨૬ થી રૂ.૩૨ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩ ) સવેરાઈન્ડસ્ટ્રીઝ ( ૭૦ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૩ નો પ્રથમ તેમજ રૂ.૫૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક હોટેલ સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૭૮ થી રૂ.૮૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) હિપોલીન( ૩૮ ) :- રૂ.૩૩ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૪૨ થી રૂ.૪૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૧ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૧૦૧ થી ૧૦૪૦૪ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

## કેપ્સુલ

મંજુબેન : અંજુ સાંભળી લે તું મારા વરને ફસાવીશ તો એક વાર તો માફ કરી દઈશપણ..

અંજુ :પણ શું ?

મંજુ : મારી કામવાળીને ભરમાવવાનો પ્રયાસ કર્યો તો તારૂં ધનોતપનોત કાઢી નાખીશ સમજી..

૦૦

બસમાં બેઠેલા એક મુસાફરે બારીમાંથી બહાર જોઈને પુછયું ભાઈ આ કયું શહેર છે ?

બસ સ્ટેન્ડ પર ઉભેલા છોકરાએ તેને કહ્યું, અમે તારા નોકર નથી નીચે ઉતરીને જોઈ લે.. બસ સ્ટેન્ડ પર લખેલું છે કે સુરાણા છે.

૦૦૦

નાથાલાલ : હે રઘલા ! આ બધી સ્ત્રીઓ આટલી બધી વાર બ્યુટીપાર્લર કેમ જતી હશે ?

રઘલો :કાકા ! આપણાં વાહનો જેમ જેમ જુનાં થતા જાય તેમ તેમ ગેરેજમાં મોકલવા પડે છે ને તે રીતે..

સુંડાજી ઠાકોર (સુરાણા)

૦૦૦૦

ગરબડલાલને કુતરૂં કરડયું.. ગરબડલાલ ખડખડાટ હસવા લાગ્યા લોકોને લાગ્યું કે ગરબડલાલ પાગલ થઈ ગયા છે.. ત્યાં ગરબડલાલે ખુલાસો કર્યો..

કુતરૂં તો બોખું છે...

૦૦૦૦૦

# હોળી એટલે હોળી..

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

તાજેતરમાં હોળી આવી અને ગઈ.. ઘણાએ પોતાના પ્રિય પાત્રને રંગી નાખ્યા તો ઘણાં રાહ જોવામાં રહી ગયા.મારા જેવા ગુલાલની બે કોથળીઓ ઘરમાં લાવીને રાખી હતી. મનના મનોરથ પાર ન પડયા. સવારમાં એ જેવી નીકળે કે માથામાં ગુલાબ ધબકાવી દઉં.. પણ એના ઘરની જાળીએ તાળું જોયું કે, મારા મનના મનોરથ પર ખંભાતી લાગ્યું.. ચેંચાપેંચીમાં જાણ્યું કે એ તો ડાકોરના ઠાકોરને પગે પડવા ગઈ છે. એટલે હૈયું કહી ઉઠયું કે, અલીઓ તને આજે જ ડાકોરના ઠાકોરને પગે લાગવા જવાનું થયુ' આ ગુલાલની બે કોથળીઓ લાવ્યો છું એનું શું કરવું ? જોકે કતચતની ખાનગીમાં લાવેલો બે કોથળીઓ જાહેર થઈ ગઈ અને ઈન્કવાયરી ચાલુ.. ઘણાના ઘરમાં વાર તહેવાર કે સ્થળ કાળ જોયા વગર જ શ્રીમતી એમના શ્રીમાનની ઈન્કવાયરી ચાલુ કરી દે છે..ત્યારે કયાંક પુરૂષો સીધી રીતે ઈન્કવાયરી અધિકારી સામે જવાબ આપી શકે છે. કયાંક વળી ગેંગેંફેંફે.. તતપપ.. હું અને યુવાર તતપપ કરી ચુકયો છું..

હોળીના રંગ મામલે મારી ઈન્કવાયરી થઈ.. મારે આખરે ખોટું બોલવું પડયું કે હું મારી શ્રીમતી તને રંગવા આ બે કોથળીઓ લાવ્યો છું. આ વખતે તો તને એવી રંગી નાખવી હતી કે એણે કહ્યું..જો મને રંગી હોત તો હું ઘરમાં વગર લાકડે હોળી કરત..

આમ તો ફાગણ પુનમે આવતી હોળી એ તહેવારના અર્થમાં કંઈક અલગ છે.ગામના શહેરના ચોકમાં સાંજ ટાણે સુકાં લાકડાં છાણાં અને ઘાસના પુળા જુના પડી રહેલા કાંઈક લુંટેલા પતંગો હોળી ભેગા સ્વાહા થઈ જાય છે. મકરસંક્રાંતિ ટાણે છાપરાં.. ધાબાં કુદીને પકડેલાં લુંટેલો પતંગ બિચારો હોળીની જવાળાઓમાં એકીઝાટકે ભડભડ થઈ જાય છે. જે પતંગ લુંટયો હતો પકડયો હતો ત્યારે આહાહા.. શો અનુભવ થયો હતો ? કોઈકે તાજમહાલ ભેટમાં આપ્યો પણ પતંગ.. પતંગો બિચારા હોળીની પાવક જવાળાઓ ભેગા જય હો.. થઈ ગયા. પુનમની એ હોળી અને વગર લાકડે ઠેર ઠેર સળગતી હોળી..

હોળી કયાં નથી ? એક જમાનામાં ગાંધીજીએ સ્વદેશી માલનો ઉપયોગ વધે એ માટે વિદેશી માલની હોળી સળગાવી શરૂ કરી હતી. વિદેશી કાપડ વિદેશી વસ્તુઓને લોકો ફટાફટ હોળી ખડકતા અંગ્રેજો પોતાનો માલની હોળીને જોઈને બે ચારને પકડીને ધબેડવા માંડયા હોવાનું કોઈ ઈતિહાસમાં નથી. એક એ હોળી હતી. એક એ હોળી અને હવે તો વાત વાતમાં હોળી, પુનમ હોય કે ના હોય, હોળી સળગાવો અને ચિત્રમાં રહો. .સમાચારોમાં રહો..

આજકાલ વિશ્વમાં જાતજાતનાં સર્વે થઈ રહ્યા છે. ભ્રષ્ટાચાર સૌથી વધુ કયાં ચાલી રહ્યો છે.. પ્રમાણિકતામાં કયો દેશ ટોચ પર છે.. પ્રમાણિકતામાં આપણે કદીય ટોચ પર નથી રહેવાના એ નક્કી.. તળીયે પણ આપણે જો નંબર આવે તો આપણાં ભાગ્ય ! તો કયાંક વળી માથાદીઠ આવક... વગેરે વગેરે જેવી ઘણી બાબતોના આંકડા અને જે તે દેશનુ સ્થાન એ મામલે વિગતો, અખબારોમાં આવે છે પણ વિશ્વમાં સૌથી હોળી, હોળીઓ કયાં સળગે છે એ વિગતો, આંકડા આવતા નથી. એ વિગતો અને આંકડા આવે તો ચોક્કસ પણ આપણાં ટોચના સ્થાને નંબર આવે.

પુનમના હોળીના દિવસે તો હોળીકા બિચારા પ્રહલાદને ખોળામાં લઈને બેઠી હતી ભડભડ ભડભડ ભડકો થયો અને હોળીકા બળી ગઈ. પ્રહલાદ બચી ગયો.. એ એક વાત હતી પણ હવ`તો હોળી બચતી જાય છે અને પ્રહલાદ સળગી જતાં જણાય છે.

હોળી કયાં નથી ? ગામ, ગલી ઘર સમાજ, અને દેશમાં દેશો દેશો વચ્ચે હોળી છે. આમ તો આવી હોળીઓને મિટાવવા શાંત કરવા જાતજાતની રીતો અપનાવાય છે. પણ દળી દળીને ઢાંકણીમાં, લોકોના માનસમાં સળગેલી હોળી એક ઝાટકે જ બહાર આવતાં જે સાંભળવા જોવા મળે છે ત્યારે થાય છે આપણે જ જંગલી હતા..એનાથી ય ચડીયાતા થયા છીએ. એનો નમુનો પાડોશી પાકિસ્તાન. પાકિસ્તાનમાં બારેમાસ બોમ્બધડાકા અને જાનહાનીની હોળી સળગતી જ રહે છે. એ વળી આપણા દેશમાં સળગાવવાની એકેય તક છોડતું નથી. આપણે આપણા દેશના ભડકા ભણી ધ્યાન આપતા નથી અને પાસ પડોશીને શાંતિ શાંતિનો મહીમા સમજાવીએ છીએ. ગાંધી નહેરૂની સમયાવિધિથી ચાલી આવતી આ માનસિકતા આજે વધી છે. શાંતિના ચાહક આ દેશમાં સૌથી વધારે ચારેકોર હોળીઓ સળગી રહી છે. દેશમાંથી શાંતિ જાણે કે ક્રમે ક્રમે લુપ્ત થતી જાય છે.

ગાંધીજી એક સમયે શાંતિ સ્થપાય એ માટે ભુખ હડતાલ પર બેસી જતા અને બે જુથોની વચ્ચે ભડકેલી જાગેલી હોળી શાંત થઈ જતી. લોકો શાંત પડી જતા. આજે દશા જુદી છે. છાશવારે આપણે શાંતિ પ્રિય દેશ હોવા બાબતે ઢોલ નગારાં ઠોકીએ છીએ પણ એ બાબત અતિ ભ્રામક છે. લોકોના માનસ પર માનસમાં એ જ ભડકો હોળી બનીને સળગતા હોય છે **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કેવા ગ્રહો સન્યાસી બનાવે ?




રાજા મહારાજા, દરબારી, સેનાપતી, મહામંત્રી, મંત્રી જેવા સુશોભીત પદ હતા આજે વડાપ્રધાન, મુખ્યમંત્રી, કલેકટર મહામુનીમ રાષ્ટ્રપતી, રાજયપાલ, ડી.આઈ.જી. ડી. એસ.પી.જેવા માન મરતબો આપનાર પદો છે. તો તેનાથી પણ શ્રેષ્ઠ પદ કહીએ તો તેછે પ્રભુ ભકિતનું અને તે પણ પદ એ એક અહમ પદ સમાજમાં છે.. સમાજમાં આવી વ્યકિતની પણ પદે પદે સ્મરણ કરતા હોય છે. જેમ કે મીરાંબાઈ, નરસીંહ મહેતા, સંત અખો, પીપાજી મહારાજ, જલારામ બાપા વગેરે.કેવા ગ્રહો મહાન સંત બનાવે છે અને તે સંત ધાર્મીક સ્થાનોનું ભ્રમણ કરનાર થાય છે.જે વ્યકિતની જન્મકુંડળીમાં ચંદ્ર, ગુરૂ અને લગ્નને શની દેખતો હોય ને ગુરૂ ભાગ્યસ્થાનમાં રહેલ હોય.

**દ્રષ્ટાંતકુંડળી:** આ દ્રષ્ટાંતકુંડળીમાં કર્ક લગ્ન છે. ચંદ્ર ચોથા ભાવમાં રહેલ છે. શની સાતમા ભાવમાં પોતાના ઘરમાં મકર રાશીમાં રહ્યો છે. જે શશ નામનો શુભ યોગ બનાવી રહ્યો છે. ગુરૂ નવમા ભાવમાં પોતાના ઘરમાં મીન રાશીમાં રહેલ છે.

શનીની ત્રીજી દ્રષ્ટી ગુરૂ ઉપર છે. સાતમી દ્રષ્ટી લગ્ન ઉપર પડી અને દશમી દ્રષ્ટી ચંદ્ર ઉપર ચોથા ભાવે ઉંચની પડી રહી છે. ગુરૂ નવમા ભાવમાં રહ્યો છે.આમ આવી વ્યકિત મહાન સંત બને છે અને તે પ્રભુની સેવાની સાથે સાથે સમાજને સુધારવામાં મહત્વનો યોગ આપતા હોય છે. જેમાં ભજનો દ્વારા, કથા, કીર્તન દ્વારા, સત્સંગ દ્વારા, વિવિધ રીતે સમાજને સારા રસ્તેચાલવાની સલાહ આપતા હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# એક કરતાં વધુ બાળકોના જન્મની ઘટનાઓ

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

માનવ સંદર્ભમાં એક વારમાં એક જ બાળકનો જન્મ થાય એ પ્રકૃતિનો નિયમ છે. આ નિયમની સાથે બાળકોનો જન્મ એ એક અપવાદ ગણાય છે. એટલે એનો પણ સામાન્ય પ્રક્રિયાના રૂપમાં જ સ્વીકાર કરવામાં આવે છે પરંતુ માનવના ઈતિહાસમાં એવા કેટલાય ઉદાહરણો જોવા મળે છે. જેને પ્રકૃતિના આ નિયમના અપવાદની સીમા પાર કરીને અતિ માનવીય જન્મ જ કહી શકાય છે. એક સાથે બે ત્રણ નહીં પણ નવ નવ બાળકનો જન્મ થયો છે. આવું ઉદાહરણ ૨૬ માર્ચ ૧૯૯૯ ના રોજ મલેશિયાથી પ્રાપ્ત થાય છે. જેમાં એક સાથે પાંચ પુત્રો અને ચાર પુત્રીઓનો જન્મ થયો હતો પરંતુ છ કલાકની અંદર એમાંનું કોઈપણ બાળક બચ્યું નહોતું. જ્ઞાત ઈતિહાસમાં આવું બીજું ઉદાહરણ સીડની ઓસ્ટ્રેલિયાનું છે. જ્યારે ગેરાલ્ડાઈન બ્રોડરિકે ૧૩ જુન, ૧૯૭૧ ના રોજ નવ બાળકોને જન્મ આપ્યો હતો. આ વખતે પણ પાંચ પુત્રો અને ચાર પુત્રીઓનો જન્મ થયો હતો પરંતુ આ બાળકો પણ જીવતા રહ્યા નહોતા. છ દિવસની અંદર તમામ નવે નવ બાળકોનું મૃત્યુ થયું હતું.

એક સાથે આઠ બાળકોના જન્મનું ઉદાહરણ મળે છે. એમાંનું પહેલું ઉદાહરણ ૧૦ માર્ચ ૧૯૬૭ ના રોજ આપ્યો હતો. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ બેલ ફલાવર, કેલીફોર્નિયા (અમેરીકા)માં આઠ બાળકનો જન્મ એક સાથે થયો હતો અને આ પહેલા બાળકો હતા કે જેઓ જીવીત રહ્યા હતા. 'સુલેમાન ઓકટયુપ્લેટ્સ' ના નામથી એમને ઓળખવામાં આવે છે. આ બાળકો આઈવીએફ ટેકનીકથી જન્મ લેનાર બાળકો છે.

એક સાથે સાત બાળકોના જન્મની સૌ પ્રથમ ઘટના ૨૧ મે, ૧૯૮૫ ના રોજ કેલીફોર્નિયામાં બની હતી. એમાંથી માત્ર ત્રણ જ બાળકો જીવીત રહ્યા હતા. સાત બાળકોના જન્મનું બીજું ઉદાહરણ ૯ જુન, ૨૦૧૦ નું છે. 'મેકગી' સેપ્ટયુપ્લેટસ નામથી ઓળખાતા આ સાત બાળકોનો જન્મ કોલંબસ, ઓહીયો (અમેરીકા)માં પણ થયા હતા.

એક સાથે ૬ બાળકોનો જન્મના અનેક ઉદાહરણ મળે છે. એમાંનું પ્રથમ ઉદાહરણ ૨ ઓકટો.૧૯૬૮ ના રોજ ઈંગ્લેન્ડનું છે. જેને 'થોર્ન્સ સેકસટયુપ્લેટસ' કહેવામાં આવે છે. છ બાળકોના એક સાથે જન્મનો સર્વાધિક દાખલો 'જીએત્રીની સેકસટયુપ્લેટસ' છે. એમનો જન્મ ૧૧ જાન્યુ. ૧૯૮૦ ના રોજ ઈટાલીમાં થયો હતો. ૮૬ વર્ષ પહેલાં જ આજ તારીખ ૧૧-૧-૧૯૭૪ ના રોજ દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં પણ એકીસાથે ૬ બાળકોનો જન્મ થયો હતો. એક સાથે ૬ બહેનો (પુત્રીઓ)નો જન્મ લીવરપુલમાં ૧૮ નવેમ્બર ૧૯૮૩ ના રોજ થયો હતો. જેને 'વોલ્ટન સેકસટયુપ્લેટસ' ના નામથી ઓળખવામાં આવે છે.

એક સાથે પાંચ બાળકોના જન્મને કિકન્ટયુપ્લેટસ કહેવામાં આવે છે. ૨૯ એપ્રીલ ૧૮૯૬ ના રોજ સૌ પ્રથમ આવી ઘટના બની હતી. જે અમેરીકામાં બની હતી. ૨૮ મે, ૧૯૩૪ ના રોજ કેનેડામાં જન્મ લેનારી ડિયોન્ની બહેનો પણ એનું ઉદાહરણ છે. જેની પર એક ફિલ્મ પણ બની હતી.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# પોલીટીકસનું પાણી અને પાણી માટે પોલીટીકસ..!

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

જળશ્રીકૃષ્ણ..જળશ્રીકૃષ્ણ .. જળશ્રીકૃષ્ણ.. આવા જો લગભગ પચાસેક શબ્દો ઉચ્ચાર્યા.. છેવટે કંઈ અસર પડી નહીં અને મને નંદકુંવરજી રાત્રે સ્વપ્નમાં આવીને કહેવા લાગ્યા, એ ચાલ, ઉભો થા તું તારા કામે વળગી જા.. તને ખબર છે આ તારા ગુજ્જુઓ ઘણા વરસ પહેલાં પાણી માટે પાણીપત કરતા.. ત્યારે એ સમયે તું નાટક લખીને શાળાઓના આચાર્યોને ભજવવા આપતો. .મને જરા લાઈટ થઈ એટલે મેં ઉચ્ચાર્યું.. હા પ્રભુ પણે એ આચાર્યો જે શાળા મહાશાળાઓમાં ફરજ બજાવતા હતા એ જગ્યામાં પાણીની ટાંકી પાસે જઈ અઠવાડીયામાં બે વખત પાણીનો ફુવારો મરાવીને તેમનાં વ્હીકલ ચકાચક બનાવી દેતા.. દેખ કબીરા.. ભણવું કે તણાવનું બાજુ પર રહી જાય.. અને ટાબરીયાં મારફત પાણીનો કેવો વેડફાટ, અપવ્યય, વેસ્ટેજ કરતા એ જોવા જેવું છે..

ભગવાન જળશ્રીકૃષ્ણ ઉવાચ: 'અલ્યા તને ખબર છે જ્યારે રાજકોટ જેવા રંગીલા શહેરમાં એક ડોલ પાણીના વીસથી ત્રીસ રૂપીયા બોલાતા અને એક માટલી પાણી પચાસમાં વેચાતું એ શું બતાવે છે ? દેખ કબીરા... ભૈ અમારા મતે આ પાણી માટે પોલીટીકસ થાય છે. જાણે પોલીટીકસ વાળાઓનું પાણી બેસી ગયું હોય તેમ એય બિચારા છુટા હાથની ગાળાગાળી કે મારામારી કરતાં કયાં અચકાય છે ? દેખ કબીરા..

ભગવાન જળશ્રીકૃષ્ણ આગળ વધ્યા. અલ્યા એ લોકો માત્ર ગૃહમાં મારામારી કરવા નીકળી પડે છે જે બહાર મેદાનમાં બકરી જેવા બની જાય છે. એમને ખબર છે

ગૃહમાં સરકારી રક્ષણ મળશે એ બાના હેઠળ એ ઢીશુમ ઢીશુમ કરે છે જ્યારે બહાર એ માત્ર સામાન્ય માનવીની જેમ બોલ્યા ચાલ્યા વગર ગાડીમાં બેસી જાય છે એ વાત વિચારવા જેવી છે..

પોલીટીકસ વાળાઓનું પાણી કે શરીર કયારેય ઉતરતાં નથી. કારણ તેમની એન્જાઈમ શક્તિ ભીખ કરતાં પણ વધારે હોય છે એ વાત સનાતન સત્ય છે અને એકાદ બે વર્ષ પુર્વે એમ.એસ.એ.અને પુર્વ એમ.પી.ને માઈનોર ઓબ્ઝર્વેશનથી ખુબ નજીકથી જોયા નિહાળ્યા છે અને મળ્યા પણ છીએ. એક પુર્વ એમ.એલ.એ.અને જિલ્લા અધ્યક્ષનું એ સમયે વજન લગભગ એકસો વીસ કીલો કરતાં વધારે હતું. ઓબેસીટી એ માત્ર પોલીટીકસ પર્સનનો અબાધિત અધિકાર હોય એવું અમે માની લીધું. દેખ કબીરા.. આમ જોઈએ તો આ પોલીટીકસવાળાઓનું પાણી કયારેય ઉતરતું નથી એ તો પાણી માટે પોલીટીકસ ખુબ હલ્લાબોલથી રમી શકતા હોય છે.

ભગવાન જળશ્રીકૃષ્ણ આગળ ઉવાચ :આ પાણીની પારાયણ શરૂ થઈ ગઈ છે. એવા સમયે પાણી ખાતાના મોટા ઈજનેરલ તેમજ પાણી વિભાગના તમામ કર્મીઓને સરકારે સખ્ત હાથે કામે લઈ દરેક પાસે પાણી બચાવવાના અધ્યતમ સુચનો એકત્ર કરી તરત જ પાણી ડીસ્ટ્રીન્યુશન સેન્ટરોના તેમજ સરકારી બોર ઓપરેટરોને એકાદ ઈજાફાની નોટીસ બજવીને તેમની પણ ચોવીસ કલાકની સેવા લેવામાં આવે જેથી પાણીનો વેડફાટ અટકાવી શકે.. દેખ કબીરા..

પાણી ખરેખર ધરતી ઉપરનું અમૃત છે. માનવ જીવન માટે આવા અમૃતનો વેડફાટ મનફાવે તેમ આપણા દેશમાં થાય છે.

એમાં ખાસ કરીને ગુજરાતી બહેનો પોતાના મકાનની સાફસુફીમાં જે પાણીનો વેડફાટ કરે છે તેમજ ઘરકામવાળા માણસો માલીકોના ઘરના પાણીનો વેડફાટ કરે છે એ નરી આંખે નિહાળવા જેવો છે. દેખ કબીરા.. કેટલાક નબીરાઓ પોતાની સાયકલ, સ્કૂટર, બાઈક તેમજ ગાડી અને ટેમ્પો અઠવાડીયામાં બે વાર વોટરવોશ મારવા તૈયાર થાય છે..

દરેક વ્હીકલ પાછળ ઓછામાં ઓછા પાંચ લીટરથી માંડી અઢીસો લીટર સુધી પાણી એ લોકો થોડાક સમયમાં વાપરી નાખે છે. આવો અપવ્યય નપાણીયા મુલકમાં જીવનારાને કેમ સાંખી લેવાય ? દેખ કબીરા..

ભગવાન જળશ્રીકૃષ્ણ બોલ્યા, તમારી દ્રષ્ટીએ આ પાણીના પારાયણમાંથી બચવા થોડાંક સુચનો મોકલી માનવજાત માટે કંઈક કરી છુટવા જળશ્રીકૃષ્ણને રાજી રાખવા સુચનો મોકલવા જરૂરી છે. સારા સુચનવાળા ટેન્ડર આધારે ભગવાન જળશ્રીકૃષ્ણ વોટર સેવ ઓફિસર તરીકે આગળથી પોસ્ટીંગ કરનાર છે દેખ કબીરા..

૧.પાણી માટે જળશ્રીકૃષ્ણ શબ્દ વાપરો, ૨. પાણી બચાવવા દરેક ગામે ગામ ગ્રામસભાઓ કરવી ૩. દરેક ગામની શાળાના આચાર્યો તેમજ સ્ટાફના સભ્યો શાળા સમય બાદ વ્યક્તિગત વાણી સંપર્ક કરતા થઈ જાય.

૪. જળ એ જ જીવન અને જળ એ જ શ્રીકૃષ્ણ એવું સૂત્ર જેનાં બેનર દરેક ગામના તલાટીઓ તેમજ ગ્રામસેવકો પોતાના ખર્ચે નાગરીકોનો સંપર્ક કરી સમજાવવા જાય. ૫. દરેક નાના મોટા ગામના વારીગૃહ નજીક ગામના આરોગ્ય કેન્દ્રના એમ. ઓ.અને

નર્સીંગ સ્ટાફ પાણી વિશે ગ્રામસભા આયોજીત કરે અને દરેક નાગરીકોને લેવડાવે કે હવેથી જળનો સમુચિત ઉપયોગ કરીશું.

૬. રાજયની તમામ આંગણવાડી કાર્યકર, સંચાલક, રસોઈ કામદાર અને આશા વર્કર પોતાના વિસ્તારમાં ખાલી માટલાં લઈ દરેક ઘરની મુલાકાત લેતી થાય અને દરેક મકામાલીકને સમજાવે..

ખાલી માટલું ઈંઢોણી બતાવી શરૂઆત કરી બોલશે જળશ્રીકૃષ્ણ.. ઈતિ શીઘ્રમ...

**ડૉ. બી.પાટણવાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# વસતી વિસ્ફોટની સમસ્યાને સરકાર દ્વારા ઉકેલવામાં નહીં આવે તો સોમાલીયા જેવી સ્થિતી થશે !

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

એક અંગ્રેજી દૈનિક પત્રના જણાવ્યા અનુસાર દર વર્ષે બે કરોડ ૬૦ લાખના જન્મ સાથે દેશની વસ્તી વધારાની ગવતિ સુપરફાસ્ટ ટ્રેન જેવી છે.જેને અટકાવી શકાય તેમ નથી. માત્ર થોડી મક્કમતા રાખવામાં આવે તો વસતી વિસ્ફોટની સમસ્યાને નિવારી શકાય. અગાઉ કુટુંબ નિયોજનની યોજના તબક્કાવાર ચાલતી હતી અને ગામડે ગામડે તંત્રની બેઠકો યોજાતી અને ગ્રામ્ય, મહિલા પુરૂષોને પરિવાર નિયોજનના દ્રષ્ટાંતો સમજાવતા હતા પરંતુ છેલ્લા કેટલાક સમયથી પરિવાર યોજનાને જાણે અભરાઈ પર ચઢાવી દેવાઈ હોય તેવું વસતીના અધધધ આંકડાઓ જોતાં થાય છે.

દેશમાં સૌથી ઉંચો જન્મદર બિહાર, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ એમ આ ત્રણ રાજયોમાં છે. ત્યારે હવે કુટુંબ નિયોજનના કાયદા માટે આપણા રાજયોમાં કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રી દ્વારા આ ત્રણે રાજયોના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીએ સાથે બેઠક યોજશે તેવું જણાય છે. જોકે વસતી વધારા બાબતે આ ત્રણ રાજયોના મુખ્યમંત્રીઓ દ્વારા કેન્દ્રમાં બેઠક યોજાનાર છે. વસતી વિસ્ફોટને કાબુ હેઠળ લેવામાં નહીં આવે તો અનાજની સમસ્યાને નિવારવી મુશ્કેલ બની રહેશે.

એક તરફ અનાજના ભંડારોમાં કેટલા ટકા અનાજ પડયું હશે તે બાબતે પુરવઠા વિભાગ દ્વારા તપાસ થવી જરૂરી છે અને આજે પ્રત્યેક રાજયને કેટલું અનાજ જોઈએ છે તે બાબતે સરકાર દ્વારા સમીક્ષા થવી જરૂરી છે. જોકે વર્તમાન સંજોગોમાં કૃષિ ઉત્પાદન પર ધ્યાન આપવામાં સરકાર નિષ્ફળ રહેશે તો સોમાલીયા જેવી સ્થિતિ થયા વિના રહેશે નહીં. ભારતમાંથી જે જરૂરીયાતની ચીજ વસ્તુઓની નિકાસ થાય છે તેની સામે કઈ વસ્તુની આયાત થાય છે તે ગણિત સમજવું સામાન્ય માનવીઓ માટે મુશ્કેલ છે. ત્યારે હવે વસતી વિસ્ફોટની ગતિને અટકાવવી અસંભવ જણાય છે. નવ પરિણીતો સહિત ભારતીયોની પેઢીઓને જણાવવું જોઈએ

નાના પરિવારથી તમામ સમસ્યાઓ હલ થઈ શકશે. સરકારે જ નાના પરિવારનો આદેશ કરી એક ઉત્કૃષ્ટ યોજના જાહેર કરવી જોઈએ. આજના લોકતંત્રમાં વસતી વિસ્ફોટના નિયમને પ્રત્યેક પરિવારે સમજવો જોઈએ. દેશના યુગલોએ તેમના સંતાનોના જન્મદર વચ્ચે ગાળો રાખવો જોઈએ. જોકે સ્વૈચ્છિક પણે આવો અભિગમ અપનાવવામાં આવશે તો વસતી વિસ્ફોટની સમસ્યાને ખુબ જ સહેલાઈથી નિવારી શકાશે.

આજે ઉપરોકત ત્રણ રાજયોની અંદર જે ટ્રેનો ચાલુ છે તે ટ્રેનોની અંદર અને એટલી જ વસ્તી ટ્રેનોની ઉપર બેસીને મુસાફરી કરી રહેલ છે. ટ્રેનોની અંદર મુસાફરી કરતી જનતાને અંદર બેસવાની જગ્યા પણ મળતી નથી ત્યારે રાજય સરકાર દ્વારા પરિવાર નિયોજનના કાયદાને સખ્ત બનાવવામાં આવે તો અમુક ટકા જ ફેર પડી શકે તેમ છે.

કેરળ એક આદર્શ રાજય છેજ્યાં વસતી વિસ્ફોટની સમસ્યાને કેવી રીતે નિવારવી તે બાબતે હર અઠવાડીયે પરિવાર નિયોજનની બેઠકો થાય છે અને પ્રસુતા મહિલાઓ માટે કેટલીક યોજનાઓ પણ પ્રસ્તુત કરવામાં આવી છે જેને કારણે ત્યાં જન્મદરમાં ઘણો ઘટાડો થયો છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**વસતી નિયંત્રણ સંદર્ભે સંસદમાં શા માટે ચર્ચા થતી નથી ?**

# અંદરથી કંઈક ભીંજાયું

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

કૃષ્ણકાંત બહુ ગુસ્સામાં હતા.આ એ જ રાકેશ જેને તેમણે ખોળામાં બેસાડી રમાડેલો. પોતાના ખભે બેસાડીને ફેરવેલો. આજે તેનું વર્તન આટલું બધું ઉપેક્ષાવાળું ? કૃષ્ણકાંત કયારેય સપનામાં પણ વિચારી શકતા ન હતા કે રાકેશ કયારેય આવું પણ કરે. કૃષ્ણકાંતનો ભત્રીજો રાકેશ જેને તેમણે પોતાના છોકરાઓ કરતાં વધુ પ્રેમ આપ્યો છે તે આજ તેમની સામે ઉભો રહી સીધી રીતે વાત કરતો નથી. જો વાત કરે તો પણ ઉપેક્ષા ભાવથી, વ્યંગ વધુ કરે અને વાત ઓછી, કૃષ્ણકાંત ત્યારે બેચેન અને રાતાપીળા થઈ ચુપ રહી જાય છે. કૃષ્ણકાંતની પત્નીનો સ્વભાવ સારો છે તેમણે કયારેય કૃષ્ણકાંતના આ લાડનો બીજો અર્થ કાઢયો નથી. હાં, કયારેય એમ કહી દે ખરા કે તમારા બાળકોની જવાબદારી પણ તમારે સમજવી જોઈએ. કૃષ્ણકાંતને ઘણી વાર એમ થાય કે બધાંની સામે બે ત્રણ ધોલ મારી દઉં.. કદમાં તેમનાથી બે વાર ઈંચ લાંબો થઈ ગયો અને દિકરીનો બાપ થઈ ગયો એથી શું ? ખરેખર બધાંની સામે ધોલધપાટ કરવાની ઈચ્છા કૃષ્ણકાંતને થઈ આવે છે પછી વળી કૃષ્ણકાંત વિચારે છે કે શું આપણે કોઈને એ માટે પ્રેમ કરીએ છીએ કે તે પણ આપણને પ્રેમ કરે, આપણું સન્માન કરે, આપણને પગે લાગે, આપણું ધ્યાન રાખે, આપણી દરેક વાત માને, આપણી કોઈ વાતનો વિરોધ ન કરે ? એ તો બદલો જ થયો ને ? પરંતુ આપણા બાળકોથી એટલી અપેક્ષા તો આપણે રાખી જ શકીએ ને ? ઘણી બધી વાતો ઘણા બધા પ્રશ્નો કૃષ્ણકાંતના મનમાં પેદા થાય તે બધા પ્રશ્નોના જવાબો પણ મનમાં ને મનમાં દેવાનો પ્રયાસ તે કરે તેમાં ઘણીવાર પોતાને પણ દોષિત સમજવા લાગે. પાછા વળી વિચારે.. ના..ના.. હું દોષી કઈ રીતે હોઈ શકું ? એમ દ્રઢતાથી મનને મનાવે.. મારી સાથે આવુંકઈ રીતે થઈ શકે ? રાકેશ મારી સાથે આવું કઈ રીતે શકે ? કદાચ જીવનની વાસ્તવિકતા એજ છે એમ વિચારી કૃષ્ણકાંતના મનનો દ્વેષ શાંત થઈ જાય છે. તે ચુપ રહી જાય છે અને મુઠ્ઠીઓ ઢીલી પડી જાય છે.

આમ જુઓ તો આ પરિસ્થિતી માટે માત્ર રાકેશનો વાંક નથી. તેનાં માબાપ પણ એટલાં જ જવાબદાર ગણાય. તે પણ કૃષ્ણકાંત સાથે કયાં સારી રીતે વર્તે છે ? કૃષ્ણકાંતે તેમનાં બાળકો અને કુટુંબ માટે શું નથી કર્યું ? આમ તો કૃષ્ણકાંત તેમના માટે કરી પણ શું શકે ? ખુદ કૃષ્ણકાંતના ગૃહસ્થ જીવનની ગાડી ડગુમગુ ચાલતી હતી. એમાં કૃષ્ણકાંત શું કરે ? હાં કંઈ ભલે કર્યું નહીં પણતેમના દુઃખના દાડામાં તેમના કરતાં વધુ દુઃખી તો રહ્યા. પણ હવે આ બીજાનાં દુઃખમાં દુઃખી રહેવાના માત્રાને કયા ત્રાજવે તોલી શકાય ? તેને પાછું માંગવું પણ કઈ રીતે ? શું રાકેશનું વર્ઝન તેમની ઈચ્છા મુજબ થઈ જાય તો એટલી વાત માત્રથી તેમની દુર્દશાના દિવસોમાં તેમના દુઃખે દુઃખી થવાનું દુઃખ ઓછું થઈ જશે ?

જે હોય તે હવે રાકેશને સારો એવો બીઝનેસ છે. જ્યારે રાકેશનો બીઝનેસ જામતાં જોયો તો તેની સૌથી વધારે ખુશી કૃષ્ણકાંતને થઈ હતી. રાકેશના બિઝનેસને કારણે આખા કુટુંબની કાયાપલટ થઈ ગઈ. કૃષ્ણકાંતને જ્યારે જાણવા મળતું કે રાકેશનો બીઝનેસ પહેલાં કરતાં વધ્યો છે તો તે તેનો રાજીપો વ્યકત કર્યા વિના રહેતા નહીં તેને ફોન કરતા, કામ ધંધાની ચર્ચા કરતા અને તેને વધુને વધુ આગળ વધવા પ્રોત્સાહીત કરતા રહેતા.પણ રાકેશને હવે એ પસંદ નહોતું. કોઈ તેને છોકરૂં સમજે અને તેની કામમાં દખલ દે તેમાં એક દિવસ તો રાકેશે કૃષ્ણકાંતને બહુ ખરાબ રીતે ઝાટકી નાખ્યા. કૃષ્ણકાંત તો જાણે કાચના વાસણની જેમ ટુટીને ઝણઝણાટ સાથે વિખરાઈ ગયા. દુઃખ એ વાતનું વધારે હતું કે આ બધું રાકેશના માતા પિતાની હાજરીમાં થવું છતાં તેઓ કંઈ જ ન બોલ્યાં. જે વાત આજ સુધી અટકી નથી. કૃષ્ણકાંત રાકેશ પર પોતાનો હક સમજે છે તે રાકેશને કયારેય પારકો માનતા નથી. રાકેશ આ વાત કેમ સમજતો નથીએ વાતે કૃષ્ણકાંત વધુ દુઃખી છે.

રાકેશના લગ્ન પણ થઈ ગયા. આમ તો રાકેશનો સંબંધ બીજા કોઈએ જ નહીં ખુદ કૃષ્ણકાંતે જ કરાવ્યો હતો. છોકરી જ નહીં ઘર પણ બહુ સારૂં છે.. કૃષ્ણકાંત વચ્ચે ન પડયા હોત તો આ સંબંધ થવો મુશ્કેલ હતો. છતાં સંબંધ પાકો થતાં બધા કૃષ્ણકાંતને ભુલી ગયા. સંબંધ નક્કી થયા પછી ઘણા મહીના બાદ લગ્ન થયાં પણ કોઈએ કોઈપણ પ્રસંગે કૃષ્ણકાંતને યાદ ન કર્યા. એક અઠવાડીયા પહેલાં લગ્નની પત્રિકા આવી. લગ્નમાં કૃષ્ણકાંત અને તેમના કુટુંબની જે રીતે ઉપેક્ષા થઈ **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## રાધનપુરમાં...
પાના નં.૧ ચાલુ

હોસ્પિટલ ખસેડાયા હતા. ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સના પાયલોટ ભરતદાન ગઢવી અને ઈ.એમ.ટી. ભરતસિંહ જાડેજાને ૮.૪૮ વાગે અકસ્માતનો મેસેજ મળતાં તુરંત જ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ઘાયલોને રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.ઘટનાની જાણ થતા સેવાભાવી યુવાનો હરેશભાઈ રઘુરામભાઈ ઠક્કર,વિક્રમભાઈ જોશી, કુલદીપસિંહ વાઘેલા સહીત યુવાનો રેફરલ હોસ્પિટલ પહોંચી ગયા હતા અને મૃતકની લાશ તેમજ ઘાયલોને ભુજ મોકલવાની તજવીજ હાથ ધરી હતી.

## પાલનપુરમાં આજે...
અનુસંધાન ૩ નુ ચાલુ..

પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં મંદિરના મહંતશ્રી રાઘવદાસજી મહારાજે જણાવ્યું હતુ કે, શ્રીરામ જન્મોત્સવ અને શોભાયાત્રામાં વિશાળ સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહે તેવી અપીલ છે. આ પ્રસંગે વિશ્વહિંદુ પરિષદ, શિવસેના, મહાકાલ સેના, રાષ્ટ્રવાદી યુવા વાહિની, ગૌ રક્ષા કમાન્ડો ફોર્સ, ગોપાલ સેના, ક્ષત્રિય ઠાકોર સેના, વાનરસેના, કેસરીયા જટાયું સેના, રાજપૂત રાષ્ટ્રીય કરણી સેના, યુવા ક્ષત્રિય સેના તથા અલગ અલગ પચાસ ઉપરાંત સંગઠનોના સહયોગથી બપોરે ત્રણ કલાકે રામજીમંદિરથી ભવ્ય શોભાયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવશે. જે પરંપરાગત રૂટ ઉપર પરિભ્રમણ કરી રાત્રે નીજમંદિરે પરત ફરશે. જ્યાં રાત્રે ભજન- કીર્તન થશે. આ પ્રસંગે મહંતશ્રી રામચંદ્રદાસજી મહારાજ આર્શિવચન પાઠવશે.

## લાખણી તાલુકા...
અનુસંધાન ૩ નુ ચાલુ..

તેમના પક્ષમાંથી ક્રોસ વોટિંગ કરનારા સભ્ય હાજર રહ્યા નહોતા અને કોંગ્રેસના વિજેતા થયેલા પ્રમુખે ચાર્જ સંભાળ્યો ત્યારે ક્રોસ વોટિંગ કરનાર તેમના સભ્યની ગેરહાજરી સ્પષ્ટ વર્તાતી હતી. તેમ છતાં ભાજપ કે કોંગ્રેસ એક પણ પક્ષે પક્ષ વિરૂદ્ધ કામ કરનાર સભ્યો વિરુદ્ધ કાર્યવાહી ન કરતા લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. જ્યારે બંને સીટ ઉપર ટિકિટની માગણી કરનાર અને ટિકિટ ન મળતા નિરાશ થયેલ પક્ષના વફાદાર કાર્યકર્તાઓમાં ભારે નિરાશા ફેલાવા પામી છે. જોકે લોકોમાં એક ચર્ચા એવી પણ સાંભળવા મળે છે કે જો ચૂંટણી યોજાય તો બંને પક્ષોને હારવાનો ડર સતાવી રહ્યો છે. જોકે ચૂંટણીમાં ભાજપે તો કશું ગુમાવવાનું રહેતું નથી પરંતુ કોંગ્રેસે સત્તા ગુમાવવી પડે તેમ છે અથવા તો લાખણી એ.પી.એમ.સી.ની આવી રહેલી પ્રથમ ચૂંટણીમાં પક્ષમાં કોઈ અસંતોષ ન ફેલાય તે માટે પણ બંને પક્ષો ફૂંકી ફૂંકીને પગલા ભરતા હોય તેવું જણાઈ રહ્યું છે.

# ગરમી વધી : સુરતમાં પારો ૩૯થી પણ ઉપર પહોંચ્યો

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં તબક્કાવાર રીતે વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૯થી પણ ઉપર પહોંચી ગયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ સુરતમાં થયો હતો. જ્યાં પારો ૩૯.૪ સૌથી પહોંચી ગયો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૮થી ઉપર રહ્યો હતો. જે વિસ્તારોમાં આજે પારો ૩૮થી ઉપર રહ્યો હતો તેમાં ડીસા, વડોદરા, અમરેલી, સુરેન્દ્રનગર, ભૂજ, કંડલા પોર્ટ અને કંડલા એરપોર્ટના સમાવેશ થાય છે. ગરમીના પ્રમાણમાં એકાએક વધારો થતા લોકોની મુશ્કેલી પણ હવે વધી રહી છે. રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૩૮થી ઉપર રહ્યો હતો જેમાં કંડલા એરપોર્ટમાં ૩૮, અમરેલીમાં ૩૮, સુરતમાં ૩૯.૪ અને મહુવામાં ૩૮.૪ ડિગ્રી સુધી પારો રહ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઈ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે રવિવારના દિવસે ગરમીનું પ્રમાણ વધી શકે છે અને પારો ૩૭થી ઉપર રહી શકે છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. હાલમાં નિચલી સપાટી પર ઉત્તર-પશ્ચિમી પવનો ફુકાઈ રહ્યા છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તીવ્ર ગરમીનો અનુભવ થવાની શક્યતા જાણકાર લોકો વ્યક્ત કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં પારો ૩૭.૪ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો આજે વધ્યો હતો. મહત્તમ તાપમાનમાં વધારો થયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ થયો હતો જ્યાં પારો ૩૮ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. લોકો વધતા જાતા તાપમાન કારણે પરેશાન થયેલા છે ત્યારે આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. ગાંધીનગરમાં આજે પારો મહત્તમ તાપમાનમાં ૩૫.૭ ડિગ્રી રહ્યું હતું. ગરમીની શરૂઆત થઈ ચુકી છે. અમદાવાદમાં મિશ્ર સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, ગરમીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે જેથી હાલમાં વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. શહેરમાં ઘણી જગ્યાએ પાણીના જગ મુકવામાં આવ્યા છે.

# બસમાં મફત મુસાફરી કરતાં ખુદાબક્ષોની સંખ્યામાં વધારો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં એક જમાનામાં આગવી ઓળખ સમી ગણાતી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ(એએમટીએસ) છેલ્લા કેટલાય વર્ષોથી પ્રતિ દિન એક કરોડની ખોટ કરી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની કરોડો રૂપિયાની લોનની આર્થિક સહાયથી ચાલી રહેલી એએમટીએસ હાલ રૂ.૨૫ અબજથી વધુ દેવા તળે દબાયેલી છે. એએમટીએસની ખોટમાં જવાબદાર પરિબળોમાં એક કારણ ખુદાબક્ષ મુસાફરોનું પણ છે એટલે કે, એએમટીએસ બસમાં ટિકિટ લીધા વિના મફત મુસાફરી કરી તંત્રને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડી રહેલા આવા ખુદાબક્ષ મુસાફરોમાં મહિલાઓ અને પરપ્રાંતીયો આગળ પડતા છે. એએમટીએસ સત્તાવાળાઓ ફલાઈંગ સ્કવોડ સહિતના અન્ય ઉપાયો દ્વારા આ દૂષણને નાથવાના બનતા પ્રયાસો કરી રહ્યું છે પરંતુ તેમછતાં ગત વર્ષની સરખામણીમાં એટલે કે, વર્ષ ૨૦૧૭-૧૮માં ખુદાબક્ષ મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે અને ફેબ્રુઆરી-૨૦૧૮ સુધીમાં એએમટીએસ સત્તાવાળાઓ દ્વારા કુલ ૩૨,૭૪૦ ખુદાબક્ષ મુસાફરોને ઝડપી પાડી તેઓની પાસેથી કુલ રૂ.૩૩.૦૯ લાખનો દંડ વૂસવામાં આવ્યો હતો. એએમટીએસ દ્વારા હાલ શહેરમાં પ્રતિદિન ૭૪૫ જેટલી બસો શહેરના ૧૬૩ રૂટ પર દોડાવાઈ રહી છે. જે પૈકી શહેરના ગીચ વિસ્તાર એવા ગાંધીરોડ વિસ્તારને આવરી લેતી બાલાહનુમાન એક્સપ્રેસ અને ભદ્રકાળી એક્સપ્રેસ જેવી તદ્દન મફત મુસાફરી કરાવતી બસ સેવા પણ સામેલ છે. શહેરની એએમટીએસ બસ સેવાનો લાભ હાલ રોજના ૫.૪૫ લાખ મુસાફરો લઈ રહ્યા છે, જેને પગલે એએમટીએસને પ્રતિદિન રૂ.૨૭થી ૨૮ લાખની આવક થાય છે પરંતુ આ આવક એએમટીએસ માટે પૂરતી નથી અને તેના કારણે બહુ જૂની અને એક જમાનાની અમદાવાદની ઓળખ સમી એવી આ એએમટીએસ સેવા જંગી ખોટની ગર્તામાં ધકેલાઈ રહી છે. એએમટીએસની ખોટમાં પડતા પર પાટુ મારવા જેવું કામ કરી રહ્યા છે, ખુદાબક્ષ મુસાફરો. કે જેઓ એએમટીએસ બસમાં ટિકિટ લીધા વિના જ મફતમાં મુસાફરી કરી નૈતિકતા અને માનવતાને શરમાવી રહ્યા છે.

## કંઈક નરમ ગરમ
અનુસંધાન પાના નં.૫ નું ચાલું

બસ એને તક મળવી જોઈએ. તણખો એક પડયો કે ભડકો દુર નથી.

આપણે ફાગણ સુદ પુનમે લાકડાં છાણાં દ્વારા જે હોળી સળગાવીએ છીએ, પ્રગટાવીએ છીએ એ માત્ર થોડાક જ વિસ્તાર પુરતી હોય છે પરંતુ બે જુથો વચ્ચે થયેલી કોમી હોળી, હતાશન એક મોટા વિસ્તારમાં ભરડો કરી શકે છે. એ દબાઈ જાય તો ઠીક નહીં તો પછી એનો ચેપ બીજા વિસ્તારોમાં લાગે છે. અરે ઘણાને તો ખુજલી આવવી શરૂ થાય છે. કયાંક એ વાર હોળી સળગાવનારી કાંકરીચાળો કરવા તલપાપડ બને છે.

આવી હોળીના રોગ માત્ર દેશના ગણ્યા ગાંઠયા શહેરોમાં છે એવું માનવું નહીં. હવે તો દુરના અંતરીયાળ ગામોમાં પણ યોગ બનતા હોય છે. ન જાણે કયારે હુતાશનનો એક આકાર વગરનો ભડકો થાય. કહેવાય નહીં મહિલાની કે કોઈ યુવતીની છેડતી પછી કોમી હોળી તો હવે દેશમાં એક કેન્સરના જેવી લાગી રહી છે. એ ટાણે લોકોને પથ્થરો અને સોડાની બોટલો પણ ન જાણે કયાંથી મળી જાય છે. અરે અમદાવાદ જેવા શહેરમાં તો ગાય દોડતાં.. સાઈકલ અથડાતાં કે ઉતરાયણ ટાણે પતંગની દોરી લુંટતાં સળગી ઉઠે છે ને લોકો આમને સામને આવી જતાં.. ફાગણ માસની એ હોળી કરતાંય આ હોળી ઘણી ચડીયાતી સાબીત થાય છે. પછી તો જાત જાતની અપીલો કરવી પડે છે પણ ગાંધીજીની જેમ કોઈ ઉપવાસ પર નથી બેસતું.. અહીં જ્યાં નેતાઓ, સમાજસેવકો જ જ્યાં પોતાની ખીચડી પકાવવા હોળી કરતાં હોય ત્યાં કોની બાબતે રોવું ?

એ હોળી પ્રેમ, આનંદ, મજાક મસ્તીની હોય છે એ નોંધવું યાદ રાખવું રહ્યું. બાકી ઘર, ગલી, ગામ અને શહેરોમાં થતી પેલી હોળીથી કોઈનેય પણ જરાય આનંદ થતો નથી. એ તો મન દઝાડે છે દિલ બાળે છે આ કાયમ માટે વેરનાં વાવેતર કરે છે. હોળીના આ લેખમાં હોળી ભકત પ્રહલાદની આ એના પરિવા સાથેના સંબંધોની પણ બીજી હોળીઓ.. ખેર.. દેશમાં આઝાદી બાદ જે જે રાજનેતાઓ પોતાનો પોતાના પક્ષનો કક્કો ખરો કરવા જે હોળી સળગાવીને બે કોમો વચ્ચે વેરનાં વાવેતર કર્યા છે એનો ભુંડો ફાલ.. આપણને દેશભરમાં અવારનવાર જોવા મળે છે.હવે તમે જ કહો.. હોળી એ હોળી તો ગઈ.. પણ આપણી આસપાસ ભડભડ થઈ રહેલી.. સીધી દેખાતી નથી દેખાતી હોળી ખરી ? **રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**

**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા
અનુસંધાન પાન ૫ નું ચાલુ.

ભારતમાં બહુ સંતાનના રૂપમાં એક સાથે ચાર બાળકોના જન્મનું ઉદાહરણ મળે છે. આ ઉદાહરણમાં ચાર બહેનોનો જન્મ એકીસાથે થયો હતો. જેમણે તમિલ ફિલ્મ એત્રાસાથમ ઈનથા નીરમ ૨૦૧૪ માં કામ કર્યું હતું. આ ચારે બહેનોના નામ હતા. અદિતી, આફૃતિ, અક્ષતિ અને આસિ. ભારતમાં એક સાથે ત્રણ સંતાનના રૂપમાં ચારથી વધુ સંતાનના જન્મના ઉદા.ની ખબર નથી. એક સાથે ત્રણ સંતાનોના જન્મનું ઉદા. કેરળના કોહીન્હી ગામમાંથી મળી આવે છે.ઈ તત્વ છે કે જે જોડકાં બાળકોના જન્મને માટે ઉત્તરદાયી છે.

**કમલેશ કંસારા અમદાવાદ**

# ૧૨ જિલ્લા ગ્રાહક ફોરમોની રચના સરકારે હજુ કરી નથી

અમદાવાદ

ગુજરાત રાજયમાં સાત કરોડ જેટલા ગ્રાહકોની ગ્રાહકલક્ષી ફરિયાદોના ન્યાય અને ઉકેલ માટે હાલ રાજયમાં ૩૮ શહેર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમો કાર્યરત છે પરંતુ હજુ પણ રાજયના ૧૨ જિલ્લા ગ્રાહક ફોરમની રચના જ રાજય સરકાર દ્વારા કરવામાં આવી નથી. ઉલ્ટાનું સરકાર દ્વારા આ જિલ્લાઓના ગ્રાહકોની ફરિયાદોના ઉકેલ માટે નજીકના જિલ્લાઓ સાથે તેને સાંકળી લીધી છે, જેથી ગ્રાહકોને ત્યાં સુધી લાંબા થવું પડે છે. વળી, રાજયની વિવિધ જિલ્લા ગ્રાહક ફોરમોમાં પ્રમુખ, નોન જયુડીશીયલ સભ્યો સહિતની મહત્વની સંખ્યાબંધ જગ્યાઓ ખાલી પડી રહી છે પરંતુ તેને તાકીદે ભરવા માટે પણ સરકાર દ્વારા કોઈ અસરકારક પ્રયાસો થયા નથી. આ સંજોગોમાં ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે ગ્રાહક કોર્ટોમાં ન્યાયની પ્રક્રિયા વિલંબિત થઈ રહી હોઈ તાત્કાલિક આ મહત્વની જગ્યાઓ અને હોદ્દાઓ ભરવા ઉગ્ર માંગણી કરી છે. ગ્રાહકોના હિતમાં અને તેમને ન્યાય મળવામાં થઈ રહેલા વિલંબને ધ્યાનમાં લઈને ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગ્રાહક બાબતોના મંત્રી સહિતના સત્તાવાળાઓને આવેદનપત્ર પાઠવી રાજયની પાંચ જિલ્લા ગ્રાહક ફોરમોના પ્રમુખોની નિમણૂંક કરવા, સ્ટેટ કમીશનની ત્રણ કોર્ટના ત્રણ જયુડીશીયલ સભ્યોની નિમણૂંક કરવા, ખાલી પડેલ સાત સભ્યોની જગ્યા ભરવા અને ૭૬ જેટલા કર્મચારીઓની નિમણૂંકો કરવા આવેદનપત્ર પાઠવી ઉગ્ર માંગણી કરી છે. રાજયમાં ગ્રાહક કોર્ટોમાં ખાલી જગ્યાઓ અંગે ચિંતા વ્યકત કરતાં ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, હાલ રાજયમાં વડોદરા શહેર(એડિશનલ), સાબરકાંઠા, ખેડા, જૂનાગઢ, અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં પ્રમુખ જ નથી. આમ, કુલ પાંચ જિલ્લામાં પ્રમુખની મહત્વનું પદ જ ખાલી છે, જેને લઈ ગ્રાહકલક્ષી ન્યાયની કામગીરી વિલંબિત થઈ રહી છે. તો, ગાંધીનગર, આણંદ, વડોદરા મેઈન અને ગોધરામાં નોન જયુડીશીયલ મેમ્બરની જગ્યાઓ ખાલી છે. બીજીબાજુ, ગુજરાત રાજય ગ્રાહક તકરાર નિવારણ કમીશન(સ્ટેટ કમીશન)માં ત્રણ કોર્ટોમાં જયુડીશીયલ સભ્યોની નિમણૂ કરવાની પરિસ્થિતિ ઉભી થઈ છે. હાલ સ્ટેટ કમીશનમાં ૮૯૮ ફરિયાદો, ૩૭૨૨ અપીલો, ઈ.એ ૭૫, સીએમએ ૩૦૪ સહિત કુલ ૫૦૩૫ મેટરો પેન્ડીંગ છે ત્યારે ત્રણ કોર્ટો બંધ રહેવાથી ફરિયાદી ગ્રાહકોની હાલત કફોડી બને તેમ છે. આ જ પ્રકારે સ્ટેટ કમીશનમાં ડેપ્યુટી રજિસ્ટ્રાર, અંગ્રેજી-ગુજરાતી સ્ટેનો અને સિનિયર કલાર્કની છ જગ્યાઓ પણ લાંબા સમયથી ભરાતી નથી. જિલ્લાઓના ગ્રાહક ફોરમોમાં મદદનીશ નિયામક વર્ગ-૨, ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ના સાત અને નાયબ મામલતદાર અને સિનિયર કલાર્કની ૨૨ અને પટાવાળાઓની ૧૦ જગ્યાઓ પણ ઘણા સમયથી ભરાતી નથી. રાજય સરકાર દ્વારા સમયસર ગ્રાહક ફોરમો અને સ્ટેટ કમીશનના પ્રમુખ સહિતના મહત્વના પદો પર નિયુકિત નહી થતી હોવાથી હજારો ગ્રાહકો ન્યાય વિના રઝળી પડે છે અને તેથી ન્યાયમાં વિલંબ એ ન્યાયના ઈન્કાર સમાન ઉકિતને સાર્થક કરી રહી છે. આ સંજોગોમાં રાજય સરકારે તાત્કાલિક ધોરણે ઉપરોકત ખાલી જગ્યાઓ અને નિમણૂંકો ભરવા માટે અસરકારક કામગીરી કરવી જોઈએ અને રાજયના હજારો ગ્રાહકોને સમયસર ન્યાય આપવાની વ્યવસ્થા કરવી જોઈએ એમ ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિના પ્રમુખ મુકેશ પરીખે ઉમેર્યું હતું.

# સરહદ પર તૈનાત જવાનોને નવા હથિયારો મળશે

અમદાવાદ

સૈનાને લાંબા સમયથી હથિયારોની જરૂરિયાત દેખાઈ રહી છે. આ બાબતને ધ્યાનમાં લઈને હવે આખરે સરકારે ભારત અને ચીન તથા ભારત તથા પાકિસ્તાન સરહદ પર ફરજ બજાવતા જવાનો માટે નવા પ્રકારના હથિયારો ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરી લીધી છે. આ જવાનોને રાઈફલ, લાઈટ મશીન ગન, ક્લોજક્વાર્ટર બૈટલ કાર્બાઈન્સ ઉપલબ્ધ કરાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. સરકાર આ કામ ફાસ્ટ ટ્રેક પ્રોસીઝર હેઠળ કરનાર છે. સંરક્ષણ મંત્રાલયના સુત્રોનો કહેવું છે કે, પસંદગી કરવામાં આવેલી વિદેશી કંપનીઓને ૭૨૪૦૦ એસોલ્ટ રાઈફલ્સ, ૧૬૪૭૯ એલએમજી અને ૯૩૮૯૫ સીક્યુબી અપાશે.

# ફિલ્મ ચાલબાજની રીમેકમાં આલિયા ભટ્ટ ડબલ રોલમાં

આશરે ૨૮ વર્ષ પહેલા રજૂ કરવામાં આવેલી ફિલ્મ ચાલબાજની રિમેક ફિલ્મ બનાવવા માટેની તૈયારી હાથ ધરવામાં આવી છે. આ ફિલ્મમાં શ્રીદેવી, રજનિકાંત અને સન્ની દેઓલની ભૂમિકા હતી. નિર્દેશક પંકજ પરાશરની સુપરહિટ ફિલ્મ ચાલબાજની રીમેક ડેવિડ ધવન બનાવી રહ્યા છે. જેમાં આલિયા ભટ્ટની પસંદગ શ્રીદેવીવાળા રોલ માટે કરવામાં આવી છે. ચાલબાજને આધુનિક રીતે યુવા પેઢીને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સમયથી શ્રીદેવીના રોલ માટે અભિનેત્રીની શોધ ચાલી રહી હતી. હવે તપાસ પૂર્ણ થઈ છે. ડેવિડ ધવને આલિયાની પસંદગી કરી હોવાની વાત કરી છે. આલિયા સાથે વાતચીત પણ કરી લેવામાં આવી છે. આલિયા ભટ્ટે કહ્યુ છે કે તે ડેવિડ ધવનની સાથે જુડવા-૩ ફિલ્મમાં કામ કરવા માટે ઈચ્છુક છે. ડેવિડ ધવને હવે તેની પસંદગી કરી લીધી છે. આલિયા ફિલ્મમાં ડબલ રોલ કરનાર છે. ચાલબાજની રીમેક બને તેવી ઈચ્છા શ્રીદેવીએ એક વખતે વ્યક્ત કરી હતી. હવે આ ફિલ્મમાં તેમની ઈચ્છા મુજબ આલિયાને લઈને શ્રીદેવીને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવનાર છે. શ્રીદેવીનુ થોડાક દિવસ પહેલા દુબઈમાં મોત થયુ હતુ.ફિલ્મમાં રજનિકાંતના રોલમાં વરૂણ ધવન રહેશે. અનુપમ ખેરના રોલમાં રોલમાં તે પોતે જ નજરે પડી શકે છે.અગાઉની ફિલ્મમાં શક્તિ કપુર અને અન્નુ કપુરની પણ ચાવીરૂપ ભૂમિકા હતી. કાસ્ટિંગને લઈને ચર્ચા ચાલી રહી છે. ફિલ્મમાં સન્ની દેઓલના રોલમાં કોણ રહેશે તે અંગે હજુ સુધી કોઈની પસંદગી કરવામાં આવી નથી. જો કે ટુંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવી શકે છે. રામ અને શ્યામની રીમેક પર ચાલબાજ બનાવવામા આવી હતી.

## એનું નામ છે જીવન
અનુસંધાન પાન ૫ નું ચાલુ.

તેનાથી કૃષ્ણકાંત આજ સુધી ગુસ્સે ભરાયેલા છે લગ્નના બે વર્ષ પછી દિકરી થઈ. ઘણા દિવસો પછી તેમને જાણ થઈ તે પણ રાકેશ કે તેના માતા પિતા દ્વારા નહીં બીજા દ્વારા.

રાકેશની દિકરીના જન્મની ખુશીમાં પાર્ટી થઈ. પાર્ટી જોરદાર હતી પણ કૃષ્ણકાંત માટે નહીં, આખું કુટુંબ મહેમાનોની આગતા સ્વાગતામાં લાગેલું હતું પણ કૃષ્ણકાંત તરફ કોઈએ ધ્યાન ન આપ્યું. બધાં એમની પાસેથી એ રીતે પસાર થઈ જતાં હતાં. જાણે કૃષ્ણકાંતને તે ઓળખતા જ ન હોય, બાળકીને પણ લઈ કોઈ તેમની પાસે ન આવ્યું. કૃષ્ણકાંત પોતે બાળકો પાસે ગયા અને ગીફ્ટ આપી જમ્યા વગર કે પોતાના કુટુંબના કોઈને કંઈ કહ્યા વગર ચુપચાપ ઘેર આવતા રહ્યા ને કેટલાય વર્ષો સુધી આમ જ ચાલતું રહ્યું.

થોડા વર્ષ વીત્યા, દિકરી પછી રાકેશને ત્યાં દિકરો થયો. કૃષ્ણકાંતે નક્કી કરેલું કે તેમને ત્યાં જવાનું તો ઠીક તેમનું મોઢું પણ એ નહીં જુએ. પણ એવું થઈ શકયું નહીં. દિકરાના જન્મની શાનદાર પાર્ટી યોજાઈ. કૃષ્ણકાંતને પણ જવું પડયું. તેમણે નક્કી કર્યું કે તે કોઈપણ હિસાબે વધારે વાર રોકાશે નહીં જેથી અણગમતું કંઈ બને. ઘરના તો રીતભાત જોતાં હતાં. પોતે કંઈ નક્કી કરી શકતા નહોતા. કૃષ્ણકાંત કુટુંબ સહિત પાર્ટીમાં પહોંચ્યા. આ વખતની પાર્ટી પહેલાં કરતાં પણ વધુ ભપકાદાર અને ઝાકઝમાળ વાળી હતી. તેને અનુરૂપ રાકેશ અને તેના માતા પિતાની અક્કડ અને અહંકાર પણ પાર્ટીમાં ઝળકતો હતો. રાકેશે તો જોયું છતાં કૃષ્ણકાંત ઉભા હતા ત્યાં ન આવ્યા. કૃષ્ણકાંતને પણ તેની તરફ જોવાનો જરાય પ્રયાસ ન કર્યો.

કૃષ્ણકાંતના દિકરા અને પ્લેટ લાવી તેમને પકડાવી દીધી. ત્યારે કૃષ્ણકાંત પણ જરાય આનાકાની વગર ચુપચાપ ખાવાનું ખાઈ લીધું. ગીફ્ટ તેમનાં પત્ની બાળકને આપી આવ્યા હતા. જમીને એ લોકો બહાર નીકળતા હતા ત્યારે રાકેશની બહેન સૌમ્યા નવજાત બાળકને લઈ તેમની પાસે આવી .તેણે બાળકને સંબોધીને કહ્યું કૃષ્ણકાંતભાઈના ખોળામાં આપતાં કહ્યું લ્યો આમ જવાતું હશે. તમારા પૌત્રને રમાડો. કૃષ્ણકાંત પૌત્રને ખોળામાં લઈ ત્યાં જ ખુરશીમાં બેસી ગયા. પૌત્ર દાદાની આંગળી પકડી મોંમાં નાખવાની કોશીશ કરવા લાગ્યો. રાકેશ પણ એમ જ કરતો. કૃષ્ણકાંત અતીતમાં ખોવાઈ ગયા. તેમને એમ લાગ્યું કે જાણે કે રાકેશને જ રમાડી રહ્યા છે. ત્યારે સૌમ્યાએ કહ્યું, પહેલાં પપ્પાને ખોળામાં રમાડયા, ખભે બેસાડી ફેરવ્યા, ભણાવ્યા-ગણાવ્યા અને હવે પૌત્ર આવી ગયો છે. હવે આના માટે તૈયાર થઈ જાવ. દાદાજીને છટકી નહીં શકે. દાદાજીએ ધ્યાનપુર્વક પૌત્રની આંખમાં જોયું. અંદરથી કંઈક ભીંજાયું હોય એમ લાગ્યું. થોડીવાર પહેલાં જે લોકોનાં મોંઢા તે જોવા માગતા ન હતા તે નવજાત બાળક કૃષ્ણકાંતના ખોળામાં રમતું હતું. આ તેમનો પોતાનો પૌત્ર જ છે આપણા રાકેશનો દિકરો.. કૃષ્ણકાંત મનમાં ને મનમાં ખુશ થવા લાગ્યા તેમના મનમાં પોતાના પૌત્ર માટે આશીર્વાદની ઝડી વરસી રહી હતી. તેમણે પૌત્રને વ્હાલ કરતાં મનમાં બસ એટલું જ કહ્યું. મારી ઉંમર તારા પર ન્યોછાવર છે.. તે વખતે રાકેશ ત્યાંથી પસાર થતો હતો. કૃષ્ણકાંતે રાકેશને સંભળાવતા હોય તેમ મોટા અવાજે કહ્યું, 'બેટા દેશનો સારો નાગરીક બનજે અને હાં તારો બાપ જેવો અકડુ ન બનતો.'

**નટવર હેડાઉ**

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૨૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૨૦૦
સોનુ તોલો ૩૧૦૦૦-૩૧૨૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૮૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
**સીગતેલ ૫ લી. ૪૨૦**
તિરૂપતી કપા. ૧૩૩૦
૫ લીટર ૪૨૦
વનસ્પતિ ઘી ૧૧૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૪૫૦**
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૪૦૦-૬૦૦
લીંબુ ૯૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૭૦૦-૮૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
સાંગા બટાકા ૧૩૦- ૧૮૦
તુવેર ૬૦૦-૮૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

## દ્રષ્ટીકોણ..
અનુસંધાન પાન ૫ નું ચાલુ.

જોકે સરકાર દ્વારા આ બાબતે એક નવી વ્યુહરચના ઘડવામાં આવનાર છે તે માટે હવે ટુંક સમયમાં ઠરાવ પસાર થવાની સંભાવના જણાય છે. દેશમાં ગરીબ વર્ગના લોકો બે કરતાં વધુ સંતાન ઈચ્છી રહ્યા છે. વળી ગર્ભ નિરોધની જેમને વધુ જરૂર છે તેવી ચાલીસી વટાવી ચુકેલ માતાઓને સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ગર્ભ નિરોધક ગોળીઓનું વિતરણ કરવામાં આવે છે. ખાસ કરીને બિહારમાં આ યોજનાને સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રીએ વસતીનો મુદ્દો ઉઠાવીને પહેલ દર્શાવીસ છે અને તેમણે આ પહેલને વસતી સ્થિરતાને રાજયોએ ધ્યાનમાં રાખવું જોઈએ.

વસ્તી નિયંત્રણ સંદર્ભે સંસદમાં જે રીતની ચર્ચા થવી જોઈએ તે થઈ શકતી નથી. દેશમાં અન્ન ઉત્પાદનની સાથે સાથે વસતી વિસ્ફોટ બાબતે સરકારે વિચારવું જોઈએ. કેટલાક ગામડાઓમાં જેરેશનીંગની દુકાનો ચાલે છે તે દુકાનોના સંચાલકોને પરિવાર નિયોજનની યોજના સંદર્ભે જાણકારી આપવામાં આવે તો આ સંચાલકો સરકારની યોજનાઓનો પ્રચાર ગામડાઓમાં કરી શકે જેથી સરકારી તંત્રને ગામડા સુધી લાંબા થવું ન પડે.

વસતી વિસ્ફોટ બાબતે જો વિચારવામાં નહીં આવે તો દક્ષિણ આફ્રિકાના જંગલોમાં સામાન્ય વર્ગના લોકોને ઝાડ પાન રાંધીને પેટનો ખાડો પુરવો પડે છે ત્યાંની સરકાર જંગલ વિસ્તાર સુધી અનાજ પુરવઠો આપી શકતી નથી જેથી જંગલ વિસ્તારના બે લાખથી વધુ લોકોએ ભારે ઉહાપોહ મચાવ્યો છે પરંતુતેનું કોઈ યોગ્ય પરિણામ આવ્યું નથી.

ખેર, સરકાર ધારે તો પરિવાર નિયોજનની યોજનાના લાભાર્થીઓને મોટી લાલચો આપશે તો તે ચાલી શકશે નહીં.

# પાટણમાં રાજકાવાડા રોડ પર બાઈક-રિક્ષા અથડાતાં ત્રણને ઈજા

પાટણ

પાટણમાં રાજકાવાડા વિસ્તારમાં વર્ષોથી મુખ્ય માર્ગ સાંકડો હોવાથી અકસ્માતના બનાવો આંતરે દિવસે બનતા હોય છે. ખાસ કરીને ન્યુ જનતા હોસ્પિટલ આગળ અને ધનસીપીર તરફ જવાના રસ્તે અકસ્માતો સર્જાય છે. ત્યારે ગત ગુરૂવારે મોડી સાંજે રિક્ષા અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ જણાને ઈજાઓ થવા પામી હતી. બાઈક ચાલક રણુંજ ગામનો હોવાનું જાણવા મળે છે. જ્યારે રિક્ષા ચાલક હારિજ બાજુના ગામડાનો હોવાનું બહાર આવ્યું છે. રિક્ષામાં બેઠેલા મુસાફરો પૈકી ત્રણ જણાને ઈજા થઈ હતી. તે ત્રણે સિધ્ધપુર હાઈવે નજીકના રહીશો છે.

# પાટણના પોલીસ કર્મી અને તેમની પત્નિને અકસ્માતમાં ઈજા

પાટણ

પાટણ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી જગદીશભાઈ અને તેમની પત્નિ ગત શુક્રવારે મોડી રાત્રે પાટણ-ઉંઝા હાઈવે પર બાલીસણા ગામ નજીકના હાઈવે પર બાઈક ઉપર જતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં પતિ-પત્નિ બંનેને સારવાર અર્થે ખસેડાયા હતાં. પાટણ જિલ્લા પોલીસ હેડકવાર્ટસમાં આઉન્ટેન્ડ શાખામાં ઘોડેશ્વર પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતાં જગદીશભાઈ અને તેમના પત્નિ સાથે બહારગામથી પાટણ તરફ તેમના બાઈક પર ગત શુક્રવારે મોડી રાત્રે આવી રહ્યા હતા ત્યારે બાલીસણા નજીક હાઈવે પર એક અજાણ્યા બોલેરો ગાડીના ચાલકે તેમને ટક્કર મારતા પોલીસ કર્મી જગદીશભાઈ અને તેમના પત્નિને પગે તથા શરીરના અન્ય ભાગે ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

# માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત પાટણ ખાતે વર્કશોપ યોજાયો



પાટણ

રાઈટ ટુ ઈન્ફોર્મેશન માહિતીના અધિકારની વ્યાપક સમજણ આપવા માટે પાટણ ખાતે જિલ્લા પંચાયતના ઉપક્રમે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન ગાંધીસ્મૃતિ હોલમાં કરાયું હતું. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની વ્યાપક સમજૂતી, તેના કાયદાઓ અને નિયમોથી અધિકારીઓ-કર્મચારીઓને વાકેફ કરાયા હતા. કુલ ૨૩૫ કર્મચારીઓને તાલીમ અપાઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજ્યગુરૂ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચૌહાણ, સ્પીપાના નાયબ નિયામક પૂર્ણિમાબેન ત્રિવેદી, તજજ્ઞ વક્તા ડૉ. એ.કે. ગણાત્રા, પ્રોગ્રામ ઓફિસર ગૌરીબેન સોલંકી,સ્પીપાના નાયબ મામલતદારશ્રી ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **નેનાવા** | રાયડો | ૬૫૦-૭૧૩ |
| ઘઉં | ૩૨૫ | સુવા | ૮૦૦-૯૨૫ |
| બાજરી | ૨૮૧-૩૧૬ | વરી. | ૧૦૪૯-૧૩૭૭ |
| સુવા | ૬૦૦-૮૨૬ | રાજગરો | ૭૫૦-૮૮૧ |
| અજમો | ૭૫૧ | બાજરી | ૨૫૦-૨૮૦ |
| ગવાર | ૭૦૦-૭૩૫ | ગવાર | ૭૪૩-૭૭૦ |
| અસાળીયો | ૭૩૫-૭૬૧ | અન્ય | ૭૬૬-૯૭૯ |
| વરી. | ૧૦૧૨-૧૩૭૧ | | **થરાદ** |
| રાજગરો | ૭૭૬-૮૩૧ | રાયડો | ૬૯૦-૭૨૨ |
| તારામીરા | ૭૧૫-૮૪૦ | એરંડા | ૭૭૫-૭૯૪ |
| એરંડા | ૭૬૦-૭૯૦ | જીરુ | ૨૧૫૦-૩૦૦૦ |
| રાયડો | ૬૫૦-૭૧૭ | મગ | ૮૪૬-૯૧૩ |
| જવ | ૩૧૦ | મઠ | ૪૫૦-૫૩૬ |
| ઈસ. | ૧૨૫૦-૧૪૨૬ | | **રાહ** |
| જીરૂ | ૨૬૦૦-૩૦૩૧ | રાયડો | ૬૯૦-૭૧૦ |
| સરસવ | ૭૦૦-૮૬૧ | એરંડા | ૭૭૫-૭૮૩ |
| ચીકુડી | ૧૧૫૧-૧૨૦૦ | બાજરી | ૨૮૦-૩૧૦ |
| | **ગુંદરી** | ચિકુડી | ૧૦૫૦-૧૧૯૫ |
| ઘઉં | ૩૦૭-૩૨૫ | સોવા | ૮૫૦-૮૯૦ |
| રાજગરો | ૭૫૦-૮૭૦ | | **સિદ્ધપુર** |
| રાયડો | ૬૭૫-૭૦૭ | ઘઉં | ૩૦૦-૩૭૭ |
| એરંડા | ૭૭૮-૭૮૧ | બાજરી | ૧૯૩-૨૪૨ |
| ઈસ. | ૧૦૦૦-૧૦૭૦ | જુવાર | ૯૪૬-૯૪૮ |
| મેથી | ૫૧૫ | જવ | ૨૫૬-૩૦૩ |
| | **ઢીમા** | રાયડો | ૬૦૦-૭૫૦ |
| જીરૂ | ૨૪૦૨-૨૮૫૮ | એરંડા | ૭૬૦-૭૯૪ |
| એરંડા | ૭૭૮-૭૮૯ | ગવાર | ૭૭૧-૭૫૬ |
| રાયડો | ૬૮૦-૭૦૫ | | **પાટણ** |
| ઈસ. | ૧૦૦૦-૧૩૫૦ | જીરૂ | ૨૦૦૦-૨૮૭૬ |
| | **થરા** | વરી. | ૧૦૭૦-૧૪૭૯ |
| ઘઉં | ૩૦૩-૩૬૧ | મેથી | ૪૦૦-૭૩૦ |
| બાજરી | ૨૫૫-૨૭૦ | સુવા | ૮૧૬-૯૯૧ |
| જીરૂ | ૨૩૨૦-૩૩૫૧ | રાયડો | ૬૩૫-૭૬૮ |
| ગવાર | ૭૧૦-૭૩૫ | એરંડા | ૭૬૦-૭૯૨ |
| એરંડા | ૭૮૦-૭૯૦ | અજમો | ૮૦૬-૧૦૦૧ |
| રાયડો | ૬૭૦-૭૦૫ | રાજગરો | ૭૨૫-૮૪૦ |
| મેથી | ૬૯૦-૭૧૦ | જવ | ૨૬૦-૨૯૩ |
| | **ધાનેરા** | અડદ | ૬૦૦-૭૦૯ |
| ઘઉં | ૩૦૧-૩૭૧ | ઘઉં | ૩૦૪-૩૮૨ |
| જીરૂ | ૨૧૦૧-૨૮૫૧ | જુવાર | ૬૩૫ |
| તલ | ૧૩૬૬-૧૩૭૧ | બાજરી | ૧૮૫-૨૪૧ |
| મેથી | ૬૬૬-૬૭૫ | ગવાર | ૭૦૦-૭૬૫ |
| એરંડા | ૭૭૧-૭૮૫ | કપાસ | ૭૩૫-૧૦૬૫ |
| ઈસ. | ૧૦૦૦-૧૪૭૯ | | |

<u>વિશ્વ જળ દિવસના દિવસે જ ઠેર-ઠેર પાણીનો વેડફાટ..!!</u>

# અરવલ્લીના મેઘરજમાં પાઈપ લાઈનમાં ભંગાણથી હજારો લીટર પાણી વેડફાયું

(જી.એન.એસ) અરવલ્લી

વિશ્વ જળ દિવસે અરવલ્લીના મેઘરજમાં પીવાની પાઈપ લાઇનમાં ભંગાણ થયું છે. ગાયત્રી વિસ્તારમાં પાઈપ લાઇનમાં ભંગાણ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો.લાઇનમાં ભંગાણ સર્જાતા રસ્તો નદીમાં ફેરવાયો હતો. જો કે પાણીના વલખા વચ્ચે પાણીનો મોટા પ્રમાણમાં બગાડ થયો હતો. ઉલ્લેખનીય છે કે ગુરુવારે વિશ્વ જળ દિવસ હતો. ત્યારે પાણીની પાઈપ લાઇનમાં ભંગાણ સર્જાયું. ત્યારે પાણીની અછત વચ્ચે પાણીનો વ્યય થઇ રહ્યો છે. ત્યારે રોડ પર પણ હજારો લીટર પાણી ફરી વળ્યું છે અને રસ્તો નદીમાં ફેરવાઇ ગયો છે. રાજ્યમાં એક બાજુ પાણીની અછત વર્તાઈ રહી છે. તો બીજી બાજુ નર્મદા કેનાલના ઈમર્જન્સી ગેટમાંથી પાણી વેડફાઈ રહ્યું છે. નસવાડી પાસે ખારવા કોતરના મુખ્ય દરવાદામાંથી હજારો લીટર પાણી કોતરમાં વહી રહ્યું છે. નર્મદાની મુખ્ય કેનાલમાં અનેક બ્રાન્ચ કેનાલ મારફતે હજારો ખેડૂતોના ખેતર સુધી સિંચાઈનું પાણી ૧૬ માર્ચ પછી બંધ કરાયું છે. જેને કારણે કેનાલ સૂકી બની ગઈ છે.

ખેડૂતોના ઉભા પાક માટે એક બે પાણીની જરૂર હોવા છતાંય આખરે સરકાર દ્વારા ખેડૂતોને પાણી આપવામાં ન આવ્યું. તો બીજી બાજુ નર્મદા કેનાલના ઈમરજનસી ગેટ રિપેરિંગ ન કરવામાં આવતા કોતરમાં પાણી વહી રહ્યાં છે. થોડા દિવસો પેહલા જ નર્મદાના પાણી ખેડૂતો ન લઈ શકે તે માટે પાણી પર પેહરો લગાવી દેવાયો હતો. તો ક્યાંક પાણીની બકનળી કાપી નખાંઈ હતી. પરંતુ અધિકારીઓને વેડફાઈ રહેલું આ પાણી ધ્યાને આવતું નથી.

# પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં પાટણ જિલ્લા આયોજન મંડળની મિટિંગ યોજાઈ



પાટણ

વિકેન્દ્રિત આયોજન પ્રક્રિયા વિકાસની ધોરી નસ સમાન છે. ગામડા ગામના વિકાસમાં આયોજનની ભૂમિકા સ્થાનિક જરૂરિયાતો અને કામોની ઉત્કટ માંગ મુજબ કરી વિકાસને છેક ગ્રાસરૂટ લેવલ સુધી લઈ જવાય છે તેમ પાટણ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓનું કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી વાસણભાઇ આહિરે જિલ્લા મથક પાટણ ખાતે વર્ષ ૨૦૧૮-૧૯ માટે વિવિધ વિભાગો માટે આયોજનના વિકાસ કામોના આયોજન માટે મળેલી જિલ્લા આયોજન મંડળની બેઠકમાં જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, જ્યાં વિકાસ કામો ચાલતા હોય ત્યાં નિરંતર નિરીક્ષણ થવું જોઇએ અને કામ પુરૂ થાય બાદ તેનો પૂર્ણતા સર્ટીફીકેટ તરત જ જિલ્લા તંત્રને વિદિત કરવું જોઇએ. નિરીક્ષણના કારણે કામની ગુણવત્તા સુધરે છે તેમ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું.

પ્રભારી મંત્રી અને જિલ્લા આયોજન મંડળ સમક્ષ ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ, ૧૫ ટકા વિવેકાધીન અનુસૂચિત જાતિ, ખાસ અંગભુત પેટા યોજના, ૫ ટકા પ્રોત્સાહક યોજના, જિલ્લા કક્ષાની યોજનાઓ, સામાજિક અને શૈક્ષણિક માટે ખાસ પ્લાન, બક્ષીપંચ જોગવાઈઓ, કામફેરની ખુટતી રકમની મંજૂરી વગેરે સદર હેઠળ મંત્રીશ્રીએ ઉપસ્થિત અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે પુખ્ત ચર્ચા-વિચારણા કરી વિકાસ કામોને બહાલી આપી હતી. ઉપરાંત જિલ્લાકક્ષાની યોજનામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેની હોસ્ટેલ તથા આરોગ્ય ક્ષેત્રના કામ, આઇ.સી.યુ. ઓન વીલ રાધનપુર જેવા લોક ઉપયોગી ખુબ જ મહત્વના કામો મંજુર કરવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયતના પ્રમુખ અને આયોજન મંડળના ઉપાધ્યક્ષ શ્રીમતી પશીબેન ઠાકોર, પાટણના ધારાસભ્ય કિરીટભાઇ પટેલ, સિધ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર, કલેકટર આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી રાજેષ રાજયગુરૂ, જિલ્લા આયોજન અધિકારી બ્રિજેશ કે. જોષી, તાલુકા પંચાયતના પ્રમુખો, નગર પાલિકાના પ્રમુખો, જિલ્લા પંચાયતના સમિતિના સભ્યો, અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# પાટણમાં રામનવમી અંતર્ગત શાંતિ સમિતિની બેઠક મળી

પાટણ

રામનવમીએ પાટણ શહેરમાં નીકળનારી ભગવાન રામજીની શોભાયાત્રા હર્ષોલ્લાસ સાથે શાંતિમય વાતાવરણમાં પુરી થઈ શકે તે માટે શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં યાત્રામાં લોકોને અડચણરૂપ ન બને તે માટે રખડતા પશુઓ પાંજરે પુરવા સહિતની વિવિધ બાબતોના સુચનો કરાયા અને દર વર્ષની જેમ ભાઈચારાના માહોલ સાથે યાત્રા સંપન્ન થશે. તેવી પોલીસને હિન્દુ- મુસ્લિમ આગેવાનોએ ખાતરી આપી હતી. વિહીપના કિર્તિભાઈ મહેતા, કોર્પોરેટર મનોજભાઈ પટેલ, કોર્પોરેટર ભરતભાઈ ભાટીયા, સુરેશભાઈ પટેલ, મુસ્લિમ સમાજ તેમજ કોંગ્રેસ અગ્રણી ભુરાભાઈ સૈયદ હાજર રહ્યા હતા. ભુરાભાઈ સૈયદએ દર વર્ષની જેમ સુખ શાંતિથી યાત્રા પુરી થશે તે માટે સહકાર આપવા મુસ્લિમ સમાજ તૈયાર છે તેમ જણાવેલ. મનોજભાઈ પટેલે શહેરના રસ્તા પર પડેલા ખાડાઓનું સમારકામ કરવા, લટકતા વાયરો તકલીફરૂપ ન બને તે રીતે ઘટતું કરવા નગરપાલિકા દ્વારા પાણીની જરૂરિયાત પુરી પાડવા અંગે પોતાનું માર્ગદર્શન આપેલ. શહીદ દિન નિમિત્તે પાટણમાં મશાલ રેલી, બાઈક રેલી યોજાઈ.

આ પ્રસંગે યુવાનો દ્વારા મુખ્ય માર્ગો પર બાઈક રેલી અને મશાલ રેલી યોજાઈ હતી. નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર તથા સમાજસેવી હેમંતભાઈ તન્ના, પુર્વ કોર્પોરેટર મુકેશભાઈ જે.પટેલ, કોર્પોરેટર મનોજ કે.પટેલ, લાયન્સ ક્લબના હરેશભાઈ મોદી, રાજગોપાલ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.

# ગણપત યુનિ.ના વિદ્યાર્થીનું ચાર શખ્સોએ અપહરણ કરી ઢોર માર માર્યો

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણાની ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીનું સાથે જ અભ્યાસ કરતા ચાર શખ્સોએ અપહરણ કરી જઈને ઢોર માર મારી છોડી મૂક્યો હોવાની ઘટના બહાર આવી છે. આ મામલે યુવાને જાતે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદના આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કૌશલ ધવલભાઈ જાધવ નામના યુવાને જણાવ્યુ છે કે, રજત નાયર, સુરજ સોની, શુભ ઠક્કર અને જીત ભડેશીખ નામના શખ્સોએ અસાઈનમેન્ટની ઝેરોક્ષ કરવાના બહાને બહાર બોલાવી અપહરણ કરી ગયા હતાં. બાદમાં મારી બહેનને કેમ મેસેજ કરે છે ? તેમ કહી કાફે ડેટ રેસ્ટોરન્ટ અને સિંધુ ભવન રોડ ઉપર લઇ જઇને માર માર્યો હતો. અપહરણ કરીને લઇ જવાયેલા વાહનમાં પણ માર માર્યા બાદ ઈસ્કોન મોલ પાસે ઉતારીને આ શખ્સો નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગે ભોગ બનનાર યુવાને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જો કે પોલીસે બનાવ સંદર્ભે હજૂ સુધી કોઈની ધરપકડ કરી નથી.

# મહેસાણામાં વેપારીએ ખરીદ-વેચાણ ન કર્યું હોવા છતાં આઈ.ટી.ની નોટિસ

મહેસાણા

મહેસાણાના એક યુવાનને મળેલી નોટીસ લઈને તે ઈન્કમટેક્સ કચેરીએ દોડી ગયો હતો, અને તેને ખરીદ વેચાણ કર્યું નથી છતાં નોટિસ આવતાં સી.એ.ની સલાહ લઈ જવાબ લેવાની મથામણમાં લાગ્યા હતા. પાનકાર્ડની વિગતોને આધારે શંકાસ્પદ નાણાંકીય વ્યવહારને લઈ ઓનલાઈન પધ્ધતિથી આવી અનેક નોટિસો છુટી રહી છે.નોટબંધી અને જીએસટી પછી ઈન્કમટેક્સ ખાતુ વધુ હરકતમાં આવી બેનામી સંપત્તિ અને વ્યવહારો પકડવા મથામણ કરી રહ્યું છે. આ તમામ ગતિવિધિ વચ્ચે એવા પાનકાર્ડ ધારકોને પણ નોટિસ મળી રહી છે, જેમણે ટેક્ષપાત્ર નાણાંકીય વ્યવહાર કર્યો નથી.

ગત બુધવારે બપોર બાદ મહેસાણા ઈન્કમટેક્સ કચેરીમાં એક યુવાન પોતાને મળેલી નોટિસ અને તેના જવાબો સાથે દોડી આવ્યો હતો. શરૂઆતમાં મૌખિક ચર્ચા કરી પોતાને મળેલી નોટિસ યોગ્ય ન હોવાનું જણાવતાં ઈન્કમટેક્ષ દ્વારા ટપાલથી સ્વિકારી લેવામાં આવી હતી.

# માલપુરમાં વાત્રક નદીમાં વિધિના બહાને મહિલા પર દુષ્કર્મ

(હિં.સ.) હિંમતનગર

તાંત્રિક વિધિના બહાને મહિલાઓ સાથે બળાત્કાર, છેંતરપીડી સહિતના બનાવો બહાર આવે છે છતાં અંધશ્રધ્ધામાં રાચતી મહિલાઓ ભુવા અને તાંત્રિકોના શરણે જાય અને દુષ્કર્મનો ભોગ બનવું પડે છે.આવો જ એક બનાવ મહિસાગર જીલ્લાના સંતરામપુરની અને અરવલ્લીમાં પરણેલી મહિલાને ધનસુરા તાલુકાના રમાણાના ભુવા કાંતિભાઇ ભરવાડે વિધિના બહાને માલપુરની વાત્રક નદીના કોતરમાં લઇ જઇ મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. ભુવાએ અગાઉથી મહિલાને હવસનો શકિર બનાવવા માટે યોજના બનાવી હોય તેમ પતિ સાથે હોવાથી તેને મોડાસાની માઝુમ નદીમાં પાણી અર્પણ કરવા માટે મોકલ્યો હોય અને મહિલાની એકલતાનો લાભ ઉઠાવી તેની સાથે દુષ્કર્મ કર્યું હતુ મહિલાએ આ અંગેની ફરિયાદ માલપુર પોલીસને કરતા પોલીસે આ અંગે વધુ તપાસ હાધ ધરી છે.

આ અંગે મળી માહિતી અનુસાર મહિસાગર જિલ્લાના સંતરામપુરની એક મહિલાના સાસરી પક્ષના સભ્યો ધનસુરા તાલુકાના રમાણાના અને કહેવાતા ભુવા કાંતિભાઇ ભરવાડ પર શ્રધ્ધા ધરાવતા હતાં અને પરિવારમાં સુખ શાંતિ માટે ભુવા પાસે જતાં હતાં.

તા.૨૧ના રોજ મહિલાને કોઇ સમસ્યા ઉભી થતાં પરિવારે ભુવા કાંતિભાઇ ભરવાડનો સંપર્ક કર્યો હતો અને ભુવાએ પતિ અને તેને માલપુરની વાત્રક નદીમાં વિધિ માટે બોલાવવામાં આવ્યા હતાં.આ બંન્ને અહીં પહોંચ્યા ત્યારે ભુવાએ મહિલાના પતિને મોડાસાની માઝુમ નદીમાં પાણી અર્પણ કરવા માટે મોકલી દીધો અને બાદમાં મહિલા ઉપર નદીના કોતરોમાં બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાનો ભોગ બનેલ મહિલાએ માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવતા પોલીસે કાંતિભાઇ ભરવાડ રહે રમાણા તા. ધનસુરાની વિરૂધ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.ફરિયાદમાં ભોગ બનનાર મહિલાને ઓછી ઉમરમાં જ પરણાવી દેવાઇ હોવાનો બાંડો આપો આપ ફુટી ગયો હતો અને મહિલા સગીર હોવાથી પોલીસે બળાત્કાર ઉપરાંત પોકસોનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# શ્રી બી ડી સાર્વજનિક વિધાલય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એસોસિએસન દ્વારા સીવણવર્ગનો શુભારંભ



પાટણ

શ્રી બી ડી સાર્વજનિક વિધાલય પાટણમાં ભૂતપૂર્વ વિધાથીઓના મંડળ દારા દાતા શ્રી કેતનભાઈ અમીન દારા રૂપિયા ૪૧૦૦૦૦ દાન આપી અને તેમા થી બહેનો સ્વનિર્ભર બંને પોતા ની રોજી જાતે કમાતિ થાય અને પગભર બને તે હેતુ થી આ મંડળ શિક્ષણસેવા સમાજ સેવા અને સતકાર્ય ને વેગ આપી વિધાલય વિકાસ અને પાટણ નગરની સેવાની પ્રવુત્તિઓમાં અગ્રેસર રહી સતત શિક્ષણ યજ્ઞને બિરદાવતા અને કેલવણીની કેડી સાર્થક કરતા તેવા ભૂતપૂર્વ વિધાથીઓના મંડળના માનવંતા ટ્રસ્ટી તથા પાટણ જૈન મંડળના ઉપપ્રમુખ તેમજ વિધાલયના દીર્ઘદ્રષ્ટા યશવંતભાઈ તથા ભારતીબેનના હસ્તે સ્કૂલમાં સીવણ માટે આપેલા સંચાનુ ઓપનિંગ કરી બહેનોને સ્વરોજગારી માટે અર્પણ કરી શુભેચ્છાઓ આપી આ પ્રસંગે નિખિલભાઈ દીપકભાઈ ધીરુભાઈ શાહ તથા અન્ય મહેમાનશ્રીઓ સ્કૂલ વડા ડૉ બી આર દેસાઈ પી આર દેસાઈ પી ડી જાલા અને સ્કૂલની બહેનો હાજર રહી આ તકે ભૂતપૂર્વ મંડળ પ્રમુખ ચિનુભાઈ શાહ અને ટ્રસ્ટી મંડળ બહેનોને સીવણ માટે શુભેચ્છાઓ આપી હતી.

# પાટણ ખાતે બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ



પાટણ

જિલ્લા વિકાસ અધિકારીની ચેમ્બર, પાટણ ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત જિલ્લા ટાસ્ક ફોર્સની બેઠક જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરુની અધ્યક્ષ સ્થાને અગાઉની મીટીંગની કાર્યવાહી વંચાણે લીધી. ગુડી-ગુડા બોર્ડ ખર્ચની બહાલી અંગે, બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત ભીતસૂત્રો લખાણના ખર્ચની બહાલી અંગે, ભવાઇ કાર્યક્રમો આપવા બાબતે, બેટી બચાવો બેટી પઢાવો યુ.ટી.સી. ખર્ચ અંગે પ્રોગ્રામ ઓફિસરને બેટી જન્મોત્સવ વધામણી માટેના એકશન પ્લાનની રૂા.૫૦૦ ની મર્યાદામાં ખર્ચની મંજુરી અંગે તેમજ પ્રોજેકટર, લેપ્ટોપ, પ્રિન્ટર, સ્કેનર ખરીદી અંગે જેવા મુદ્દાઓની ઉપર ચર્ચા કરી કામોની બહાલી આપવામાં આવી હતી.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ભરતભાઇ ગોસ્વામી, આર.સી.એચ.ઓ ડૉ. અલ્પેશ સાલવી, પ્રોગ્રામ ઓફિસર- ગૌરીબેન સોલંકી, જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી બિપીનભાઇ પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી પિયુષભાઇ દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના બી.એમ.રબારી તેમજ આઇ.ઇ.સી.ઓફિસર એલ.ટી. પટેલ ઉપસ્થિત રહયા હતા.

# રાધનપુર એસ.ટી.ડેપોના કર્મચારીની પ્રામાણિકતા




રાધનપુર

એસ.ટી.સ્ટેન્ડમાંથી રાજ-કોટ-રાધનપુર બસમાંથી એક વ્યક્તિને ગુરુવારે કપડાંની થેલી મળી હતી,જે તેમણે એસ.ટી.ના કર્મચારી પ્રવીણભાઈ રાવલને સુપરત કરી હતી.પ્રવિણભાઈએ થેલીમાં જોતા અગત્યના શૈક્ષણિક પ્રમાણપત્રો,અગત્યના કાગળો અને અંદર રાખેલ નાના પર્સમાં રૂ.૨૫૦૦ જણાતાં માલિકની શોધ શરુ કરી હતી.થેલીમાંથી કોઈ સરનામું ના મળતા પ્રમાણપત્રના નામ ઉપરથી સાંતલપુરના એક એસ.ટી કર્મચારીને મિનલબા જાડેજા વિષે પૂછપરછ કરતા મિનલબા જાડેજાના પરિવારનો પત્તો લાગ્યો હતો,જેમને જાણ કરતા મિનલબા જાડેજાના મમ્મી શુક્રવારે રાધનપુર આવતા પ્રવીણભાઈ રાવલે ખરાઈ કરીને અગત્યના પ્રમાણપત્રો અને રૂ.૨૫૦૦ ભરેલી થેલી તેમને સુપરત કરીને પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરું પડ્યું હતું

# ચરાડુ ગામ નજીક મીની ટ્રકની ટક્કરથી બાઈક ચાલકનું મોત

મહેસાણા

મહેસાણા તાલુકાના ચરાડુ ગામ નજીક મીની ટ્રકની ટક્કર વાગતાં બાઈક સવાર બે યુવાન પૈકી ચાલકને ગંભીર ઈજા થવાથી મોત નિપજ્યું હતું. આ બાબતે લાંઘણજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

જાણવા મળતી વિગતો અનુસાર ચરાડુ ગામના મહેન્દ્રજી અભાજી ઠાકોરનો દિકરો સુરેશ ઠાકોર અને ઉમેશજી ઠાકોર ગત મંગળવારે બાઈક પર પોતાના ગામથી ગોઝારિયા તરફ જઈ રહ્યા હતા, ત્યારે એક મીની ટ્રકના ચાલકે પુર ઝડપે પોતાનું વાહન હંકારી સુરેશજી ઠાકોરના બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સુરેશજી ઠાકોરને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી મહેસાણાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. જ્યાં સુરેશજી ઠાકોરનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

આ અંગે મહેન્દ્રજી ઠાકોરે લાંઘણજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.